કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૨૭ માર્ચ, ૨૦૨૫ ગુરૂવાર
E-mail : kutchuday@gmail.com

# કચ્છ ઉદય

૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૫૭◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ફાગણ વદ - ૧૩ ◆ગાંધીધામ મો.૯૮૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


## દુનીયાભરના ઓટો સેક્ટરમાં ભૂકંપ

# ટ્રમ્પે ફરી ફોડયો ટેરિફ બોમ્બ

### હવે અમેરીકામાં વિદેશ કાર પર ૨૫ ટકાનો તોતીંગ ટેક્ષ લાગશે : અમેરીકાના નિર્ણયથી યુરોપિયન યુનિયન નારાજ



(એજન્સી દ્વારા) નવી દીલ્હી : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકામાં આયાત કરવામાં આવતી તમામ વિદેશી કાર પર ૨૫% ટેરિફ લાદવામાં આવશે. આ ઉપરાંત અમેરિકી રાષ્ટ્રપતિએ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ટેરિફ નિર્ણય કાયમી છે. ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા એવી તમામ કાર પર અસરકારક રીતે ૨૫% ટેરિફ લાદશે જે દેશમાં બનાવવામાં આવી નથી. તેણે કહ્યું, પરંતુ જો તમે તમારી કાર અમેરિકામાં બનાવશો તો તેના પર કોઈ ટેરિફ નહીં લાગે.

ટ્રમ્પે ઓવલ ઓફિસમાં એક ઈવેન્ટ દરમિયાન કહ્યું, 'અમે અમેરિકામાં ન બનેલી તમામ કાર પર ૨૫ ટકા ડ્યૂટી લગાવવા જઈ રહ્યા છીએ.' તેમણે એમ પણ કહ્યું કે આ નીતિ ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપશે અને જો કાર અમેરિકામાં બને છે તો તેના પર કોઈ ડ્યુટી નહીં લાગે.નિષ્ણાતોનું માનવું છે કે આ પગલાથી ઓટોમેકર્સની સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે અને અમેરિકન ગ્રાહકોને મોંઘવારીનો સામનો કરવો પડી શકે છે.આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્ર વેપાર અસંતુલનને ઘટાડવા અને સ્થાનિક ઉત્પાદનને વધારવા માટે વિવિધ પગલાઓ પર વિચાર કરી રહ્યું છે. જો કે, આવા ટેરિફ વૈશ્વિક વેપાર સંબંધોમાં તણાવ વધારી શકે છે. નોંધનીય છે કે ટ્રમ્પ ટૂંક સમયમાં વેપારને લગતા મોટા પગલાઓનું અનાવરણ કરવા જઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે તેમણે ૨ એપ્રિલને 'લિબરેશન ડે' તરીકે જાહેર કર્યો છે. આ દિવસે ટ્રમ્પ ઘણા નવા આરોપો લગાવવાની યોજના બનાવી રહ્યા છે.આ નિર્ણયમાં ટેસ્લાના CEO એલોન મસ્કની ભૂમિકા અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે ઓટો ટેરિફ નીતિ ઘડવામાં મસ્કનું કોઈ યોગદાન નથી. ટ્રમ્પે કહ્યું કે મસ્કે ઓટો ટેરિફ અંગે કોઈ સલાહ આપી નથી. તેણે એમ પણ કહ્યું કે, કસ્તુરીએ ક્યારેય મારી તરફેણ માટે નથી કહ્યું. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે તેમણે મુખ્ય ઓટો ઉત્પાદકો સાથે આ નીતિ અંગે ચર્ચા કરી હતી

અનુસંધાન પાના નં.૪ પર

### જાપાનને પડશે સૌથી મોટો ફટકો

વોશિંગ્ટનઃ ટ્રમ્પે વિદેશી કાર પર ૨૫% ટેરીફ લાગતા તેની સૌથી વધુ અસર જાપાન - સાઉથ કોરીયા અને યુરોપમાં અનેક નામી બ્રાન્ડને થશે. જાપાન જેણે કાર ઉત્પાદનમાં અમેરિકી વર્ચસ્વ તોડીને ઓટો જાયન્ટ બન્યુ હતું તેમાં ટોયટો, નિસાન હોન્ડા, બીત્સુબીસીને મોટી અસર થશે.

આજે જાપાન શેરબજાર ખુલતા જ ઓટો શેરના ભાવ ૩.૧ થી ૩.૭% તૂટયા છે. જાપાનમાં રોજગારીનું સૌથી મોટું ડીડ ઓટો કંપનીમાં કંપની ૧૪૨ બીલીયન ડોલરની ઓટો નિકાસ અમેરિકામાં કરે છે. આ ૨૫% ટેરીફથી અમેરિકામાં કારના ભાવમાં સરેરાશ ૧૨૫૦૦ ડોલરનો વધારો થઈ શકે છે.આ ટેરીફથી અમેરિકાને ૧૦૦ બિલિયન ડોલરની વધારાની આવક થશે. ખાસ કરીને અમેરિકી કંપનીઓ મેકસીકો કેનેડામાં જ પ્લાંટ ધરાવે છે તેને હવે અમેરિકા સિવાયનું બજાર ગોતવું પડશે.

અમેરિકાનું માતબર ઓટો ક્ષેત્ર વિશ્વભરમાં ખેચાઈ ગયું તેને ફરી અમેરિકામાં લાવવાનું ટ્રમ્પે અગાઉ જ કહ્યું હતું અને તેમનો હેતુ અમેરિકામાં વધુ ઓટો પ્લાંટ નાખવામાં આવે તેમ છે.

## હડતાળ મુદ્દે આરોગ્ય કર્મીને સરકારનો નિર્દેશ રાજયના આરોગ્ય સાથે ચેડા સાંખી નહી લેવાય

### આરાગ્ય કર્મચારીઓની હડતાળ પર આરોગ્યમંત્રી ઋષીકેશ પટેલે આપી પ્રતિક્રીયા : આજે સરકાર સાથે આરાગ્યકર્મીઓની બેઠકના એંધાણ



ગાંધીનગર : ગુજરાત સરકારની સામે રાજયના આરોગ્ય કર્મીઓ સત્યાગ્રહ છાવણીમાં સતત હડતાળ કરી રહ્યા છે. બીજીતરફ સરકાર પણ આ બાબતે મચક આપવા તૈયાર ન હોય તેમ અત્યાર સુધીમાં અંદાજીત ૨૦૦૦ જેટલા આરોગ્યકર્મીઓનો પાણીચું આપી દીધુ હોવાના અહેવાલો સામે આવ્યા છે.

દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ રાજયના આરોગ્યપ્રધાન ઋષીકેશ પટેલ દ્વારા હડતાળ મામલે પ્રતિક્રીયા આપતા કહ્યુ છે કે, હડતાળી કર્મીઓ સૌ પ્રથમ પોતાની હડતાળ સંપન્ન કરે તેવો નિર્દેશ આપવામા આવ્યો છે. ખાતાકીય તપાસ રદ કરવામાં આવે, સરકાર ઠરાવ કરે, ટેકિનિકલ ગ્રેડ પે સહિતના વિષયોને લઈને આ હડતાળ યોજાઈ છે અને આજે તેનો ૧૧મો દીવસ છે. આજ રોજ એકતરફ સરકારની સાથે આ માટેની બેઠક યોજાવવાની વાત છે ત્યારે બીજીતરફ ઋષિકેશ પટેલ દ્વારા કહેવાયુ છે કે, તમામ હડતાળીઓ હડતાળ ખત્મ કરે. તેઓએ કહ્યુ છે કે આરાગ્યની સાથે ચેડા સાંખી નહી લેવાય. તેઓએ કહ્યુ છે કે ૨૦૨૨થી અનેકવીધ મુદાઓનું નિરાકરણ કરવામા આવ્યું છે. તમામ કર્મચારી મંડળ તેમની હડતાળ સંપન્ન કરે. સરકાર આગામી સમયમાં અનેક કેડરમાં ટેકનિકલ ગ્રેડ પે લઈને આવી રહ્યા છે.

## સહકારીક્ષેત્રે કેન્દ્રના સંશોધનો સામે શકિતસિંહના પ્રહારો

નવી દિલ્હીઃ કોંગ્રેસના ગુજરાતના રાજ્યસભા સભ્ય શ્રી શક્તિસિંહ ગોહિલે રાજ્યસભામાં "બેંકકારી વિધેયક (સંશોધન) બિલ, ૨૦૨૪" પર ચર્ચા દરમિયાન કેન્દ્ર સરકારની નીતિઓ અને સહકારી બેંકોના નિયમો અંગે તીખા સવાલો ઉઠાવ્યા છે. આ બિલમાં સરકારે સહકારી બેંકોના ડિરેક્ટરના કાર્યકાળને ૮ વર્ષથી વધારીને ૧૦ વર્ષ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેની સામે શ્રી શક્તિસિંહ ગોહિલે સરકારની જ પાછલી નીતિ સાથે વિરોધાભાસ દર્શાવ્યો અને અમલીકરણમાં થતી ગેરરીતિઓ પર પ્રકાશ પાડ્યો.સરકારના નવા નિયમ પર શંકાઃ કોંગ્રેસના તેજ



તર્રાર સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શ્રી શક્તિસિંહ ગોહિલે પોતાના ભાષણમાં જણાવ્યું કે, "દેશની સરકાર એક સંશોધન લાવવા જઈ રહી છે, જેમાં સહકારી બેંકોના ડિરેક્ટરનો કાર્યકાળ ૧૦ વર્ષ સુધીનો કરવાની જોગવાઈ કરવામાં આવી રહી છે. પરંતુ આ જ સરકારે અગાઉ નિયમ બનાવ્યો હતો કે સહકારી બેંકોના ડિરેક્ટરનો કાર્યકાળ ૮ વર્ષનો હશે." તેમણે આગળ કહ્યું કે, "જ્યારે ૮ વર્ષનો નિયમ લાગુ કરવામાં આવ્યો ત્યારે ગુજરાતના જાગૃત નાગરિકોએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ને પત્ર લખીને ફરિયાદ કરી હતી કે પંચશીલ માર્કેટ કો-ઓપરેટિવ બેંકમાં ડિરેક્ટરનો કાર્યકાળ ૮ વર્ષથી વધુ થઈ ગયો છે, તેના પર નિર્ણય લેવામાં આવે પરંતુ રિઝર્વ બેંક તરફથી કોઈ જવાબ મળ્યો નહીં." રિઝર્વ બેંકની નિષ્ક્રિયતા પર સવાલઃ શ્રી ગોહિલે વધુમાં જણાવ્યું કે, "મેં પણ આ મુદ્દે આરબીઆઈને સવાલ પૂછ્યો હતો. પરંતુ મને પણ કોઈ જવાબ મળ્યો નથી. આવી સ્થિતિમાં સહકારી બેંકોના નિયમોનું પાલન કેવી રીતે થઈ રહ્યું છે, તે એક મોટો પ્રશ્ન છે." તેમણે સરકાર અને આરબીઆઈની ભૂમિકા પર સીધો પ્રહાર કરતાં આરોપ લગાવ્યો કે નિયમોનું પાલનકરાવવામાં નિષ્ફળતા સ્પષ્ટ દેખાઈ રહી છે.શ્રી શક્તિસિંહ ગોહિલે સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ પર

અનુસંધાન પાના નં.૪ પર

## શરાબ પીવાની ટેવ છુપાવી હોય તો વીમો-દાવો નામંજુર કરાશે : સુપ્રીમકોર્ટ

નવી દિલ્હીઃ જો તમો શરાબ પીવાની ટેવ ધરાવતા હો અને તે સાથે મેડીકલ વિમા પોલીસી-લેવા જઈ રહ્યા હો તો તમારી આ શરાબની આદત કે પછી શોખ પછી ભલે થોડો થોડો અને કયારેક જ પીતા હો તો પણ તમારે વિમા કંપનીને તેની જાણ કરવી જરૂરી બની જશે.અન્યથા ભવિષ્યમાં કોઈ વિમા કલેમ સમયે તમોને શરાબ પીવાનું છુપાવવા બદલ તમારો કલેમ નામંજુર થઈ શકે છે. આ અંગે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવેલા એક કેસમાં ન્યાયમૂર્તિ વિક્રમનાથ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલ ખંડપીઠે 'જીવન આરોગ્ય' યોજના હેઠળ વિમા પોલીસી મેળવનાર એક વ્યક્તિના કલેમને નકારી કાઢવાના વિમા કંપનીના નિર્ણયને બહાલ રાખતા જણાવ્યું હતું

અનુસંધાન પાના નં.૪ પર

## યુપીમાં મળ્યો તેલનો અખુટ ભંડાર : ખાડી દેશો પર હવે નહી રહેવુ પડે નિર્ભર

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાના સાગરપાલી ગામ પાસે કાચા તેલનો કૂવો મળવાની સંભાવના પર ONGCએ ખોદકામ શરૂ કર્યું છે, તેનાથી આસપાસના ખેડૂતોની જમીન સંપાદિત થવાની સંભાવના છે જેના કારણે ખેડૂતો સમૃદ્ધ બની શકે છે. બલિયામાં સ્વતંત્રતા સેનાની ચિટ્ટુ પાંડેના પરિવારની જમીન પર કાચા તેલનો મોટો ભંડાર મળી આવ્યો છે. ગંગા તટપ્રદેશમાં ત્રણ મહિનાના સર્વે બાદ આ જમીનમાં ૩,૦૦૦ મીટરની ઉંડાઈએ તેલનો ભંડાર મળી આવ્યો છે. ONGCએ સેનાની પરિવાર પાસેથી સાડા છ એકર જમીન ત્રણ વર્ષ માટે લીઝ પર લીધી છે અને વાર્ષિક રૂપિયા ૧૦ લાખ ચૂકવી રહી છે.ઉત્તર પ્રદેશના

અનુસંધાન પાના નં.૪ પર

## ભારતમાં સહકાર ટેક્ષી લોંચ કરશે : અમિત શાહની જાહેરાત

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : મહાનગરો-મોટા શહેરોમાં ટ્રાફિક સમસ્યા વચ્ચે ઓલા-ઉબેર જેવી ટેકસી-બાઈક રાઈડનો ટ્રેન્ડ વધી રહ્યો છે. ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આવી પરિવહન સેવાના ધોરણે 'સહકાર ટેકસી'શરૂ કરવાની જાહેરાત કરી છે.આ સ્કીમ હેઠળ ટેકસી ચાલકોને કોઈ કમીશન નહી ચુકવવુ પડે અને ૧૦૦ ટકા કમાણી ચાલકોને જ મળશે. ટેકસી ચાલકોનાં હિતમાં સહકારી ધોરણે આ સેવા શરૂ કરવામાં આવશે.

## શું ખરેખર IAS- IPS અધિકારીઓ મંત્રીઓને ગાઠતાં જ નથી? સરકાર હવે શું કરશે?

(એજન્સી દ્વારા)
ગાંધીનગર : રાજયમાં કેટલાક ઉચ્ચ અધિકારીઓ મંત્રીઓ -પ્રધાનોને સાંભળતા જ ન હોવાની ફરીયાદ અગાઉ પણ થવા પામી હતી જે બાદ સરકાર તબક્કે આદેશ કરાયો હતો અને સોમ-મંગળવારે ફરજીયાત આ અધિકારીઓ પોતાની ઓફીસમાં જ વીતવવાની સુચના અપાઈ હતી અને તેમાં ધારાસભ્યો-સાંસદોને સાંભળવા તેવી પણ સુચના અપાઈ હતી. પણ શેઠની શીખામણ ઝાંપા સુધીનો જ તાલ થવા પામી રહ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી એક એવી છાપ ઉભી થઈ છે કે, રાજયમાં અધિકારીઓનું રાજ ચાલે છે. IAS- IPS અધિકારીઓની ઈચ્છા વગર કોઈ કામ થતા નથી. ઘણા કિસ્સામાં મંત્રીઓ આદેશ કરે છતાં અધિકારીઓ આવા કામને ટલ્લાવતા હોય છે. ભુતકાળમાં પણ IAS અધિકારીઓ અમને મળતા નથી, એવી ફરિયાદ ભાજપના જ કેટલાક ધારાસભ્યોએ કરી હતી. ત્યાર બાદ મંત્રીમંડળની કેબિનેટમાં નિર્ણય લેવાયો હતો કે, દરેક અધિકારીએ સોમ અને મંગળવારે ફરજીયાત પોતાની ઓફિસમાં જ બેસવું. મોટી ઈમરજન્સી ન હોય તો મીટીંગ પણ રાખવી નહીં.

એટલું જ નહીં ધારાસભ્યો-સાંસદો જ્યારે આવે ત્યારે તેમને મળવું અને તેમની વાત શાંતિથી સાંભળવી. શેઠની શિખામણ ઝાંપા સુધી એ કહેવતની જેમ સરકારના આ આદેશને પણ મોટા ભાગના અધિકારીઓ ઘોળીને પી ગયા છે. તેઓ મોટે ભાગે ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળવાનું પણ પસંદ કરતા નથી. ચાલી રહેલા બજેટ સત્રમાં પણ અધિકારીઓના રાજનો પર્દાફાશ થયો છે.

જેમાં વિધાનસભા ગૃહમાં જ ભાજપ અને કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોએ ફરિયાદ કરી છે કે, ટોચના અધિકારીઓ અમારું માનતા નથી, સાંભળતા નથી. બે મંત્રીઓએ તો એવું કહ્યું છે કે, ઉચ્ચ પોલીસ અધિકારીઓ અમારો પ્રોટોકોલ પણ જાળવતા નથી. ભુતકાળમાં ટોચના અધિકારીઓને આદેશ આપનારી સરકાર હવે આ સંદર્ભમાં નવો કયો આદેશ જારી કરે છે તે જોવાનું પણ રસપ્રદ બનશે. એવી ચર્ચા છે કે, સરકારના મંત્રીઓ IAS અને IPS અધિકારીઓ પાસે લાચાર છે.

## વિપક્ષ ધમકાવવાનું બંધ કરો : યોગી સામે વિપક્ષોનું હલ્લાબોલ

લખનૌ : ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક ઈન્ટરવ્યૂમાં સંભલ-મથુરા અને બુલડોઝર એક્શન પર નિવેદન આપતાં વિપક્ષે યોગીસરકાર પર હલ્લાબોલ કર્યો છે.સમાજવાદી પાર્ટીના સાંસદ રામજી લાલ સુમને યોગી પર કોમી તણાવ પેદા કરવાનો આરોપ મૂક્યો છે. સુમને સીએમ યોગી પર આક્ષેપ કરતાં સલાહ આપી કે, 'મથુરા અને કાશી જેવા મુદ્દા પર કાયદાને પોતાનું કામ કરવા દો. યોગી તણાવ પેદા કરશો નહીં.યોગીના આ નિવેદનથી સમાજમાં તણાવ સર્જાઈ શકે છે.'સપાના સાંસદ રાજીવ રાયે યોગી પર પ્રહાર કરતાં કહ્યું કે, 'મુખ્યમંત્રી યોગી ધમકીભરી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે કોર્ટના આદેશની રાહ જોવી જોઈએ. તે દેશ માટે યોગ્ય રહેશે. યોગી ધમકી આપવાનું બંધ કરે. તેઓ ભયનો માહોલ સર્જી રહ્યા છે. યોગી તો મઠના માણસ છે, તેમને આવી ભાષા શોભતી નથી.'કોંગ્રેસ સાંસદ રાજીવ રંજને મુખ્યમંત્રીના નિવેદન પર ટીકા કરી કે, 'તેઓ જે બોલી રહ્યા છે, તેનાથી રોજગારી નથી મળતી. સંભલમાં આપણે સૌએ સ્થિતિ જોઈ છે. કાયદો અને વ્યવસ્થાનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. યોગી બિચારા છે. મેનિફેસ્ટોમાં તેમણે કેટલું કામ કર્યું, તેના વિશે જણાવવું જોઈએ. કેવા કેવા નેતાઓ રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તે ખૂબ જ ક્ષોભજનક છે.'ઈન્ટરવ્યૂમાં મુખ્યમંત્રી યોગીએ નિવેદન આપ્યું હતું કે,'ઉત્તરપ્રદેશમાં મુસ્લિમ સુરક્ષિત છે.'

### તિકડમ !
– દેવેન વ્યાસ



## ઝારખંડમાં ભાજપ નેતાની ધોળા દિવસે હત્યા

રાંચીઃ ભારતીય જનતા પાર્ટીના નેતા અને પૂર્વ જિલ્લા પરિષદ સભ્ય અનિલ ટાઈગરની ઝારખંડની રાજધાની રાંચી શહેરના કાંકે વિસ્તારમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.દિવસભર બનેલી આ ઘટનાથી ભીડવાળા કાંકે ચોકમાં નાસભાગ મચી ગઈ હતી. અનિલ ટાઈગર કાંકે ચોકની ઠાકુર હોટલમાં બેઠો હતો. દરમિયાન, બાઈક પર સવાર ગુનેગારો તેમની નજીક આવ્યા અને તેમને માથામાં ગોળી મારી દીધી.ફાયરિંગનો અવાજ સાંભળીને લોકો દોડી આવ્યા હતા. માહિતી મળ્યા બાદ કાંકે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અનિલ ટાઈગર ને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.ઘટનાની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ગોળીબાર કરનાર યુવકની ધરપકડ કરી હતી. આ ઘટનાને અંજામ આપવાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસ હુમલાખોરની પૂછપરછ કરી રહી છે.

## ઈરાન પર અમેરિકાના હુમલાની તૈયારીઃ ૧ મેથી મોટુ ઓપરેશન

નવી દિલ્હીઃ અમેરિકાએ હિંદ મહાસાગરમાં ડિએગો ગાર્સિયા એરબેઝ પર B-૨ સ્ટીલ્થ બોમ્બર્સ અને રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ તૈનાત કર્યા છે, જેના કારણે ઈરાન પર હુમલાની અટકળો વધી રહી છે. આ જમાવટ ૧ મેની સમયમર્યાદાની આસપાસ લશ્કરી પ્રવૃત્તિ અંગે વધતી ચિંતાઓનો એક ભાગ છે. અમેરિકા અને ઈરાનવચ્ચે લાંબા સમયથી તણાવ વધી રહ્યો છે, અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમ પર કડક વલણ અપનાવવા માટે ૧ મે સુધીનો અલ્ટીમેટમ આપ્યો હતો. ડિએગો ગાર્સિયા એરબેઝ પર ચાલી રહેલી લશ્કરી ગતિવિધિના સંકેતોને પગલે એવી અટકળો ચાલી રહી છે કે અમેરિકા ૧ મેના રોજ ઈરાન પર હુમલો કરી શકે છે. સેટેલાઈટ છબીઓ દર્શાવે છે કે એરબેઝ પર સાત B-૨ સ્ટીલ્થ બોમ્બર્સ અને નવ KC-૧૩૫ રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યા છે. આ વિમાનોની તહેનાતી પછી, એવું માનવામાં આવે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પની યોજના મુજબ ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો થઈ શકે છે.ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના મુખ્ય સંભવિત કારણોમાંનું એક છે. અમેરિકા માને છે કે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ તેની સુરક્ષા માટે ખતરો બની શકે છે. આ ઉપરાંત, અમેરિકા ઈરાન પર અમેરિકન લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો અને ઈઝરાયલ વિરોધી આતંકવાદી સંગઠનોને ટેકો આપવાનો પણ આરોપ લગાવે છે.

## ડ્રગ્સ મામલે ભારત સામે મોટો આરોપ

વોશિંગ્ટન : અમેરિકાએ હવે ચીનની સાથે-સાથે ભારત પણ ફેન્ટાનિલના ઉત્પાદનનો મુખ્ય સ્ત્રોત હોવાનું કહીને હડકંપ મચાવ્યો છે. ફેન્ટાનિલના લીધે અમેરિકામાં ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં ૫૨ હજારના મોત થયા હતા. અમેરિકામાં આજે આ ડ્રગ્સની લત જબરદસ્ત ફેલાઈ છે. ટ્રમ્પે ફેન્ટાનિલના ગેરકાયદેસરના ટ્રાફિકિંગ સામે આકરી કાર્યવાહી પણ શરૂ કરી છે. ગયા સપ્તાહે ભારત સ્થિત કેમિકલ કંપની અને તેના ઉચ્ચ હોદ્દેદારો પર પણ મેરિકામા ફેન્ટાનિલ ડ્રગ્સ ઘૂસાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હૈદરાબાદ સ્થિત કંપનીના આ અધિકારીઓની ફેડરલ એજન્ટ્સે ન્યૂયોર્કમાંથી ધરપકડ કરી હતી. કોંગ્રેસની સંરક્ષણ બાબતો અંગેની સમિતિ સમક્ષ આપેલાં નિવેદનમાં ડિરેકટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબ્બાર્ડે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ચાયના અમેરિકા માટે સૌથી મોટી સેનાકીય તેમજ સાયબર ભીતિ છે. વાસ્તવમાં તે તેની સેનાકીય તથા સાયબર શક્તિનો ઉપયોગ કરી તાઈવાન કબ્જે કરવા માગે છે. મંગળવારે તુલસી ગબ્બાર્ડે કોંગ્રેસની સમિતિ સમક્ષ પ્રાપ્ય જાસૂસી માહિતી ઉપરથી મળેલી વિગતો રજૂ કરતાં જણાવ્યું હતું કે પરંપરાગત શસ્ત્રો દ્વારા પણ ચીન પાસે, અમેરિકા ઉપર જ આક્રમણ કરવા જેટલી તાકાત છે.

## કોડકી અને સુખપર જેવા ગામોને પાણી માટે 'આત્મનિર્ભર' બનાવનાર

# રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે ભુજવાસીઓ અને પાલિકાનું વલણ ઉદાસીન



**દર ઉનાળે પાણીની સમસ્યાથી ઝઝૂમતા જિલ્લા મથકના રહેવાસીઓ આસપાસના જાગૃત ગામોમાંથી લે ધડો : ગટરમાં વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ કરી એક તીરથી બે નિશાન સાધી શકાય : ચોમાસામાં નિચાણવાળા વિસ્તારોમાં સર્જાતી જળભરાવની સમસ્યાનો પણ બોર બનાવાથી આવી શકે ઉકેલ : સોસાયટી વિસ્તારોમાં પણ વરસાદી પાણીનો સંગ્રહ કરવાની પ્રણાલિ વિકસાવવામાં આવે તે ઈચ્છનીય : જાગૃત નાગરિકોની સૂચક ટકોર**

ભુજ : જિલ્લા મથક ભુજના રહેવાસીઓ પોતાના પાણીની જરૂરિયાત માટે મહદઅંશે નર્મદાના નીર પર આધારીત થઈ ગયા છે. દર વર્ષે ઉનાળાની સિઝનમાં ભુજવાસીઓને પાણી માટે વલખા મારવાની ફરજ પડે છે. ભુજ નગરપાલિકા દ્વારા વિતરણ કરાતા પાણીના જથ્થા પર કાપ પણ મૂકવામાં આવે છે. ભુજને પાણી પહોંચાડતી નર્મદાની લાઈનમાં કોઈપણ ક્ષતિ સર્જાય ત્યારે દિવસો સુધી શહેરમાં પાણી વિતરણની વ્યવસ્થા ખોરંભાઈ જાય છે. બીજી તરફ ભુજની સમીપે આવેલા કોડકી અને સુખપર જેવા ગામો રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમના માધ્યમથી પાણી માટે 'આત્મનિર્ભર' બની ગય છે, પરંતુ જિલ્લા મથક ભુજમાં વરસાદી પાણીના સંગ્રહ મુદ્દે શહેરીજનોનું વલણ ઉદાસીન જોવા મળી રહ્યું છે. શહેરમાં ભૂગર્ભ જળની નહીંવત ઉપલબ્ધતા હોવાના કારણે શહેરીજનો માટે પાણીની આપૂર્તિ માટે નગરપાલિકા દ્વારા થતું પાણીનું વિતરણ એકમાત્ર વિકલ્પ છે.

આ અંગે વાત કરતા શહેરના જાગૃત નાગરિકો જણાવે છે કે, વરસાદી દિવસોમાં વહી જતા પાણીનો સંગ્રહ કરવાની સિસ્ટમ ડેવલોપ કરવાની દિશામાં કાર્ય કરવામાં આવે તો ભુજ શહેરની પાણીની સમસ્યાના ઉકેલ માટે એક પ્રભાવક વિકલ્પ મળી શકે છે. ચોમાસાની સિઝનમાં વરસાદ વખતે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં ખૂબ જળભરાવ થાય છે. નગરપાલિકા તંત્ર ધારે તો તેવા સ્થળો પર ગ્રાઉન્ડ વોટર રિચાર્જીંગ કરીને પાણીને જમીનમાં પણ ઉતારી શકે છે. આ કાર્યથી પાણી ભરાઈ રહેવાની સમસ્યાનો પણ ઉકેલ આવી જશે. આ માટે જે-તે સ્થળ પર ૧૦૦ થી ૧૨૦ ફુટનો બોર કરવાની જરૂર હોય છે. વરસાદી પાણીને ગટરમા નાખવા કરતા ગ્રાઉન્ડ વોટર રિચાર્જીંગ સિસ્ટમ વિકસાવવામાં આવે તો ચોમાસા દરમ્યાન ગટર બેસ જવાના કે ચોકઅપ થઈ જવાના કિસ્સાઓ પણ ઘટશે સાથે સમારકામનું આર્થિક ભારણ પણ નગરપાલિકા પરથી ઘટી જશે.

શહેરના સોસાયટી વિસ્તારોમાં પણ ભેગા થઈને એક બોર બનાવીને વરસાદનું પાણી જમીનમાં ઉતારી શકે છે. તેનાથી આડકતરી રીતે વરસાદ વખતે સોસાયટીઓમાં પાણી ભરાવાની સમસ્યાનો પણ ઉકેલ આવી શકે છે.

જમીનમાં ઉતારવામાં આવેલું પાણી સોસાયટીના લોકો વર્ષ દરમ્યાન ઉપયોગમાં પણ લઈ શકે છે. ભુજ નજીક કોડકી અને સુખપર જેવા ગામોમાં લોકોએ સ્વયંભૂ જાગૃતિ દાખવી પાણીના એક-એક ટીપાની કિંમત સમજી છે. બીજી તરફ દર વર્ષે ઉનાળામાં પાણીની તંગીથી ઝઝૂમતા ભુજ શહેરના રહેવાસીઓનું વલણ ઉદાસીન જોવા મળી રહ્યું છે.

એક સર્વેક્ષણના રિપોર્ટ મુજબ વોટર હાર્વેસ્ટિંગના અભાવ અને ભૂગર્ભ જળના સતત ઘટતા જળ સ્તરને લીધે દેશના ચાર મોટા શહેરો બરેંગ્લોર, ચેન્નાઈ, જયપુર અને હૈદરાબાદ વર્ષ ૨૦૩૦ સુધષીમાં ગ્રાઉન્ડ વોટર ઝીરો સિટી બની જશે. શહેરી વસતારોના સતત વધતા વ્યાપ અને વસતીને ધ્યાને લઈને અત્યારથી જ કોઈ ઉપાય નહીં કરવામાં આવે તો આવનાર વર્ષોમાં પાણીનું સંકટ વધુ ઘેરૂં બની જશે. જળ એ જ જીવન છે તે સૂત્રને ધ્યાને લઈ મહાનગર બનવા થનગની રહેલા ભુજ શહેરમાં વોટર હાર્વેસ્ટિંગ માટેની પહેલ તંત્ર અને શહેરીજનો દ્વારા કરવામાં આવે તે ઈચ્છનીય છે.

# દુબઇ ખાતે વીબીસી ફર્સ્ટ ઇન્ટરનેશનલ બિઝનેશ સમિટનું આયોજન કરાયું





ભુજ : વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન વિશા શ્રીમાળી સમાજ દ્વારા દુબઈ મધ્યે વીબીસી ફર્સ્ટ ઈન્ટરનેશનલ બિઝનેશ સમિટનું આયોજન ડબલ ટ્રી બાય હિલ્ટન હોટલ મધ્યે કરવામાં આવ્યું હતું. વીબીસી સમાજના ૧૮થી ૩૫ વર્ષની વયમર્યાદાના ૧૩૫ જેટલા યુવક-યુવતીઓ જોડાયા હતા.જાણીતા ઉદ્યોગપતિ વિનોદભાઈ અદાણીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ સેમિનારને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

યુવા પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે સમાજ દ્વારા આવા પ્રયત્નને બિરદાવતા વિનોદભાઈએ વીબીસી મોટા સમાજના પ્રમુખ કીર્તિભાઈ સંઘવી, મહામંત્રી સંદીપભાઈ દોશી, દુબઈ સમાજના પ્રમુખ નીલાબેન દોશી, આયોજકો અશોકભાઈ દોશી, યોગેશભાઈ દોશી વિગેરેને ધન્યવાદ આપતાં યુવક - યુવતીઓને સફળતાના પાઠ શીખવતા જણાવ્યું હતું કે નિષ્ઠા, ગંભીરતા અને સમયસર અથાગ પરિશ્રમ જરૂરી સફળતા અપાવશે.

વેપાર ઉદ્યોગ ક્ષેત્રે વિશ્વભરમાં નામના ધરાવતા વિનોદભાઈ અદાણી ખૂબ જ સરળ -નમ્ર -ઉદાર અને સેવાભાવી છે. નાના માણસોની સહાય કરી તેને ઉપર લાવવાના સદગુણને વિકસાવવા અને દરેકને ખુદના વ્યક્તિત્વને સન્માન આપી જીવનને સુખરૂપ બનાવવાના આશિર્વાદ આપ્યા હતા વધુમાં તેમણે જણાવ્યું હતું કે સંસ્કૃતિ - સંસ્કાર અને ધર્મ આરાધના માટે પણ દુબઈ યોગ્ય સ્થળ છે અહીં વ્યાપાર -ઉદ્યોગ અને જોબ ક્ષેત્રે પણ અનેરી તક છે.ભારતથી નજીક અને વિશ્વફલક સાથે જોડાયેલ દુબઈ વિશ્વનું સૌથી ઝડપી વિકસી રહેલું સ્થળ છે. આયોજનને સફળ બનાવવા માટે સમાજના હોદ્દેદારો પ્રમુખ કીર્તિભાઈ સંઘવી, ઉપપ્રમુખ હસમુખભાઈ મોરબીયા, મહેશભાઈ મહેતા, મહામંત્રી સંદીપભાઈ દોશી, સહમંત્રી ડો.રમેશભાઈ દોશી, ચંદુભાઈ સંઘવી, ખજાનચી જીતુભાઈ ખંડોલ, દુબઈના વસંતભાઈ શાહ, મેહુલભાઈ મહેતા, કેતનભાઈ મહેતા, મિતલ દોશી મહેતા, શ્રેયસ દોશી, કેવલ દોશી, હેમાંગ બાબરીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ભુજની ગટર લાઈન માધાપરવાસીઓ માટે બની મુસીબત

**ગાંધી સર્કલ પાસે ગટરલાઈનની કામગીરીથી રસ્તાની ઘોર ખોદી નખાઈ : માટીના ઢગલા આડેધડ છોડી દેવાતા મુખ્ય રસ્તો બન્ય સાંકળો**



ભુજ : છેલ્લા કેટલાક સમયથી નંદનવન જેવું સમૃદ્ધ લાગતું સ્વચ્છ માધાપર આજે રોડ રસ્તા, ગટર, પીવાના પાણી અને લાઈટ તેમજ રોડની આસપાસ પડેલા કચરાના ઢગલાથી પિડાઈ રહ્યું છે. લાખોનાં ખર્ચે તૈયાર કરેલાં વૃક્ષ વાવેતર અને એને સુરક્ષા પ્રદાન કરવા માટે જાળી ગોઠવવામાં આવી હતી આજે ત્યાં ચોક્કસ દરકાર લેવામાં ન આવતાં ઉજ્જડ જેવું લાગી રહ્યું છે. ઢોર રખડે છે અને શેરી ફેરિયાઓ ખાટલા ખુરશી નાખી દબાણ જેવી પ્રવૃત્તિઓ કરે છે એવું લાગે છે ધીમે ધીમે ઝુંપડપટ્ટી જેવો માહોલ સર્જાયો છે. માધાપરમાં જાણે વિકાસ ગાંડો થયો હોય તેમ ગટરોના પાણીથી નિકાલ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે એમાં રોડની સગવડ હાલે ધુળિયા રસ્તાથી પણ ખરાબ થઈ ગઈ છે અને ભુજથી આવતી આ ગટરની લાઈનમાં હજીયે ક્યાંકને ક્યાંક ભંગાણ પડ્યું હોય છે, જેથી ગટરોના પાણીથી શેરીમાં રહેતા લોકોને ખુબ જ ગંદકી અને દુર્ગંધ ભરેલા પ્રદૂષણના વાતાવરણમાં જીવવા માટે મજબૂર થવું પડે છે. આવી કામગીરી હજુ કેટલો સમય ચાલશે એ સવાલ લોકોને સતાવી કરી રહ્યો છે. રોડ આસપાસ પડેલા ખાડાના કારણે વાહન ચાલકો અને રાહદારીઓ ખુબ ચાલવું મુશ્કેલ બની ગયું છે. બીજીતરફ સતત રોડની ઉપર ખોદકામ થતાં વેપારીઓને વેપારમાં ખુબ જ બેકારી અને મંદીનો સામનો કરવો પડી રહ્યો છે. વાહન પાર્કિંગની જગ્યાઓ પણ નથી રહી જેથી લોકોને હાલાકી ભોગવવી પડે છે અને જો આડેધડ વાહન પાર્કિંગ કરવામાં આવે તો અકસ્માત સર્જાય એવી પરિસ્થિતિ ઉભી થાય તેમ છે. લોકોને ખુબ પરેશાની ટ્રાફિકને લીધે પણ થાય છે, એ આ રોડ ઉપર પાર્કિંગ થતા વાહનો અને રોંગ સાઈડમાં આવતા વાહનોના લીધે પણ થઈ રહ્યું છે. જો હવે વરસાદની ઋતુથી પહેલા ગટરનું અને રોડ ઉપર પડેલા ખાડાઓને પૂરીને રોડનું કામ વ્યવસ્થિત કામ કરવામાં નહીં આવે તો લોકોને આનાથી પણ વધારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે એવી ભીતિ છે. આ માટે જિલ્લા વિકાસ અધિકારી અને ધારાસભ્ય, નગરપાલિકા ભુજ આયોજન કરે અને માધાપરને આ સમસ્યામાંથી સંપૂર્ણ પણે મુક્ત કરે એવી માધાપર વાસીઓ માંગ કરી રહ્યા છે.

# પાલારા પાટિયા પાસે પોલીસ ચેકપોસ્ટ સ્થાપવાની માંગ

**નાગોર ખારીનદીમાંથી ગેરકાયદેસર વાહન પસાર થતા પાલારાવાસી પરેશાન**

ભુજ : નેશનલ હાઈવેના નિર્માણ પછી ભુજ-ખાવડા માર્ગ પર મીઠાં ભરેલા ભારે વાહનોની અવરજવર વધી છે, જેના કારણે પાલારા ગામના રહેવાસીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ માર્ગે પ્રવાસીઓ અને સ્થાનિક વાહનો સતત દોડતા હોવાથી ટ્રાફિક નિયંત્રણ માટે પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવે છે. જો કે, કેટલાક વાહન ચાલકો નિયમોને વટાવી ગેરકાયદેસર રીતે નાગોર ખારીનદી મારફત ગમ્યો માર્ગ અપનાવી રહ્યા છે, જે સ્થાનિક જનજીવન માટે ચિંતાજનક બાબત બની છે.

ટ્રાફિક ચેકિંગને ટાળવા માટે કેટલાક વાહનચાલકો નાગોર ખારીનદીમાંથી પસાર થાય છે. ઓવરલોડ, બિનલાયસન્સ અને અધૂરા દસ્તાવેજ ધરાવતા વાહનો માટે આ રસ્તો શોર્ટકટ બની ગયો છે. પાલારા જેલ પાસેથી ખાવડા તરફ દોડતા આવા વાહનો રસ્તાને નુકસાન પહોંચાડે છે અને યાત્રાળુઓ માટે જોખમી સ્થિતિ સર્જે છે. પાલારા અને આસપાસના વિસ્તારમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે ગેરકાયદેસર વાહનવ્યવહાર પર કડક કાર્યવાહી જરૂરી છે. સ્થાનિક લોકો અને યાત્રાળુઓના હિતમાં તંત્ર દ્વારા તાત્કાલિક નિર્ધારિત પગલાં ભરાશે તેવા અપેક્ષા છે.

આગેવાનો અને સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ પાલારા પાટિયા અથવા ઝૈરૂપીર દરગાહ પાસે પોલીસ ચેકપોસ્ટ સ્થાપવાની માંગ કરી છે. વાલાભાઈ બતા, વસંત અજાણી, પ્રબોધ મુનવર, માવજી ગાગલ, બુદ્ધગર ગોસ્વામી, ધનજી સોધમ સહિતના સ્થાનિક આગેવાનો આ મુદ્દે તાકીદે પગલાં ભરવાની અપીલ કરી રહ્યા છે.

# માધાપરમાં દશનામ ગોસ્વામી મહિલા મંડળ દ્વારા શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞનું કરાયું આયોજન



ભુજ : તાલુકાના માધાપર ખાતે પાટ હનુમાનજી મંદિરના પ્રાંગણમાં માધાપર દશનામ ગોસ્વામી મહિલા મંડળ દ્વારા શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞનું ભવ્યતાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું વ્યાસપીઠ પરથી ધીરજભાઈ કે જોશી એ શિવકથાનું રસ પાન કરાવ્યું હતું. સાવિત્રીબેન બી ગોસ્વામીના અધ્યક્ષ સ્થાને આ શિવકથા યોજાઈ હતી. મહિલા મંડળના પ્રમુખ ગીતાબેન એન ગોસ્વામી મંત્રી જ્યોત્સનાબેન ગોસ્વામી તથા તમામ મહિલા મંડળ કારોબારી સભ્યો દ્વારા વિવિધ પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી.

શિવ વિવાહના પ્રસંગમાં પાર્વતી સ્વરૂપ કોમલ તથા શિવ સ્વરૂપ જયેશપુરીના લગ્ન યોજવામાં આવેલ હતા. આ લગ્નમાં માધાપર દશનામ ગોસ્વામી સમાજ તથા વિવિધ દાતાઓ દ્વારા કન્યાદાન આપવામાં આવેલ સાથે કુંવરબાઈનું મામેરુ યોજનાનો પણ લાભ આપવાની કાર્યવાહી કરવામાં આવી. વિનોદભાઈ પુરષોત્તમભાઈ સોલંકી તથા દક્ષાબેન મૂળચંદભાઈ પિંડોરીયા તથા સ્વ. હરિભાઈ રાણાભાઈ ડાંગર તેમજ વિવિધ દાતાઓના સહયોગ મળ્યો હતો. હરિઓમ મંડપ સર્વિસના જીતેન્દ્રપુરી આર ગોસ્વામીના સૌજન્યથી શિવકથાનો પ્રસંગ દીપી ઉઠ્યો હતો. માવજીભાઈ ગોસ્વામી તથા માધાપર દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ સમાજના પ્રમુખ સતીશગીરી દ્વારા દાતાઓ પાસે ટહેલ નાખતા દાતાઓએ ખૂબ જ સહયોગ આપ્યો હતો. યુવક મંડળના પ્રમુખ ધર્મેન્દ્રગીરી તેમજ અનિલગીરીની ટીમે અથાગ મહેનત કરી પ્રસંગને પાર પાડ્યો હતો.

કથા દરમ્યાન પ્રદીપતાનંદજી મહારાજ, લાલગીરીબાપુ તેમજ બુદ્ધગીરી બાપુ તથા લક્ષ્મણગીરીજી જેવા સંતો, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ પારુલબેન કારા, પ્રવિણાબેન રાઠોડ, વકીલ કલ્પેશગિરી સી ગોસ્વામી, ભુજ સમાજના પ્રમુખ ધીરજપુરી દોલતપૂરી ગોસ્વામી, હિત રક્ષક સમિતિના સૂરજગીરી, માવજીભાઈ તથા કાંતિગીરી, અખિલ કચ્છ દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ અમૃતગીરી પી ગોસ્વામી,પશ્ચિમ કચ્છના ગોસ્વામી સમાજના પ્રમુખ રાજેન્દ્રગીરી ગોસ્વામી, ભીમગીરી ગોસ્વામી, કચ્છ મહિલા મંડળના પ્રમુખ દક્ષાબેન એચ ગોસ્વામી, પશ્ચિમ કચ્છ મહિલા પ્રમુખ ભાવનાબેન ગોસ્વામી, મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળના કચ્છ પ્રદેશના રમેશગીરી ગોસ્વામી, ત્રંબકપુરી ગોસ્વામી, આશિષગિરિ ગોસ્વામી, મીનાબેન ગોસ્વામી, યુવક મંડળના પ્રમુખ જયેશગિરિ ગુણવંતગિરિ ગોસ્વામી, બળદેવપુરી એ ગોસ્વામી, ભરતગિરિ ગોસ્વામી, વિવિધ સમાજના પ્રમુખો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. શિવમ ગોસ્વામી દ્વારા શિવ તાંડવ રજૂ કરવામાં આવ્યું હતું.

શિવ કથાને સફળ બનાવવામાં સાવિત્રીબેન ગોસ્વામી, મહિલા પ્રમુખ ગીતાબેન ગોસ્વામી,માવજીભાઈ ગોસ્વામી ,સતીશગીરી ગોસ્વામી ધર્મેન્દ્રગીરી ગોસ્વામી વગેરેએ સેવા આપી હતી. સંચાલન સમાજના મંત્રી રવિન્દ્રગીરી એચ ગોસ્વામી એ કર્યું હતું.

# ખાવડામાં પાણી પુરવઠો વધારવાની તાતી જરૂરત

**આરઈ પાર્ક સહિતના કારણે પરપાંતિયોના ઘસારાથી પાણીની જરૂરીયાતમાં વધારો થયો**

ભુજ : દેશનો સૌથી મોટા આરઈ પાર્કના નિર્માણના કારણે ખાવડા સહિત સરહદી ગામોમાં પરપ્રાંતિયો વધારો થયો છે, જેના કારણે પાણીની જરૂરીયાતમાં વધારો થયો છે. પણ લાંબા સમયથી પાણી પુરવઠા બોર્ડ દ્વારા પીવાના પાણી આપવામાં ગલ્લા તલ્લા કરાતા હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. સરહદી ખાવડા ગામ માટે પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા ગ્રામ પંચાયત દ્વારા પાણી પુરવઠા વિભાગને રજૂઆત કરવામાં આવી છે.

સરપંચ જેસંગ કોળી અને ઉપસરપંચ સુરેશભાઈએ લેખિત રજૂઆતમાં જણાવ્યુ છે કે, ખાવડાની વસ્તી સતત વધી રહી છે, અને હાલનો પાણી પુરવઠો પૂરતો નથી. જો પુરવઠામાં વધારો નહીં થાય, તો આગામી સમયમાં ગામમાં જળસંકટ સર્જાઈ શકે છે.

ખાવડા ગામ સરહદી વિસ્તારમાં વસેલું હોવાથી અહીં પાણીની સમસ્યા વારંવાર ઉભી થતી રહે છે. સ્થાનિક આગેવાનોએ તાત્કાલિક કાર્યવાહી કરીને ખાવડાના નાગરિકો માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ કરાવવા સરકાર અને પ્રશાસનને અપીલ કરી છે.

# નિરોણામાં શહીદ દિવસે વિરાંજલી કાર્યક્રમ યોજાયો






નખત્રાણા : તાલુકાના નિરોણા ગામે તાલુકા પંચાયત સીટ ભાજપ પરિવાર દ્વારા આયોજીત નેફુલપીર દાદાના સાનિધ્યમાં શૈલેષ બારોટ ઓરકેસ્ટ્રાના સથવારે ૨૩મી માર્ચના શહિદ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિરૂપે વિરાંજલી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

દેશભક્તિના ગીતોથી દેશ ભક્તિમય વાતાવરણ બન્યુ હતુ. વિરાંજલી કાર્યક્રમ દરમિયાન નખત્રાણા તાલુકા પંચાયત પ્રતિનિધિ રમેશભાઈ આહીર, નિરોણા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ નરોતમભાઈ આહિર, પૂર્વ સરપંચ રાજેશભાઈ ભાનુશાલી, સમાજના પ્રમુખ કાનજીભાઈ ભાનુશાલી, આહીર સમાજ પ્રમુખ ભીમજીભાઈ આહીર, પૂર્વ સરપંચ પાલનપુર ગ્રામ પંચાયતના કાનજીભાઈ દુઆ, પૂર્વ સરપંચ અજુબા જાડેજા, હિતેશભાઈ પટેલ, કિરણભાઈ ભાનુશાલી સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો અને આસપાસના ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

શૈલેષભાઈ બારોટે દેશભક્તિના ગીતોથી વાતાવરણ દેશભક્તિમય બન્યું હતું તેવું ઉમેશભાઇ આચાર્યે જણાવ્યું હતું.

# ભુજ ટાઉનહોલના નવિનીકરણ માટે ફાળવાયેલી રકમ એળે ન જાય

**ટાઉનહોલ નમૂનેદાર બને તેવું કલા સાથે સંકળાયેલા ઈચ્છી રહ્યા છે**

ભુજ : શહેરનો ટાઉનહોલ ધરતીકંપમાં પડી ગયો હતો. ત્યારબાદ તે જ જગ્યાએ નવો બનવાવામાં આવ્યો હતો. તે વખતે ટાઉનહોલ કયા પ્રકારનું, તેમાં સ્ટેજની સાઈઝ, સિટીંગ વ્યવસ્થા, એસી - પડદો ખોલવા - બંધ કરવા માટેના સાધનો કેવા પ્રકારના લગાડવા, સ્ટેજથી ટોપની હાઈટ, સાઉન્ડ સિસ્ટમ કેવી હોઈ જોઈએ, લાઈટીંગમાં કેવી લાઈટો લગાવવી વગેરે બાબતો માટે તે સમયે નાટ્ય કલા તથા સંગીત કલા સાથે સંકળાયેલા કલાકારોનું નગરપાલિકાએ ગઠન કર્યું હતું, તેમાં નાટ્ય દિગ્દર્શક નયન રાણા, ઝવેરીલાલ સોનેજી, આશુતોષ મહેતા, જગદીશ ભટ્ટની નિમણૂંક કરાઈ હતી. તેમના સૂચનો મુજબ ટાઉનહોલનું નિર્માણ કરવાનું હતું, પરંતુ અમુક કમો તકલાદી અથવા થયા નથી. તે આજે પણ જોઈ શકાય છે. તેને સુધારવા માટે ભુજના કલાકારો - સ્વૈચ્છિક સંસ્થાઓએ વખતો વખત નગરપાલિકામાં રજૂઆતો કર્યા બાદ આખરે પાલિકાના સત્તાધીશોએ કા.સ. માં તા.૧૦-૧૨-૨૪ના ઠરાવ કર્યો હતો કે સ્ટેજ પરના પડદા તેમજ લાઈટીંગ મોટરો નવી નાખવી. તેના માટેનો અંદાજત ૮,૧૨,૭૪૩નો ખર્ચ, સ્ટેજ તથા હોલમાં લાઈટીંગ કામગીરી પૂર્ણ કરવા માટે ૮,૮૯,૮૦૦, સાઉન્ડ અને મિક્ષર નવા નાખવા માટે ૪,૯૬,૧૮૫, એસી કોમ્પ્રેસર ખરાબ થઈ ગયા છે અને નવા નાખવા તથા સર્વિસ લાયક હોય તેને સર્વિસ કરવા માટે ૫,૫૦,૦૦૦, ઉધઈનું પ્રમાણ વધી જવાથી ફર્નિચર તથા ટાઉનહોલમાં ઉધઈ ટ્રીટમેન્ટ માટે ૧૨,૦૦,૦૦૦ આમ કુલ ૪૦,૪૮,૭૨૮ના ખર્ચને તા.૧૩-૩-૨૫ના મળેલી સામાન્ય સભામાં બહાલી આપવામાં આવી છે. આવનારા સમયમાં ખૂબ ફેરફારો થવાની શક્યતા છે. અહીં એક વાત કરવી જરૂરી છે કે ટાઉનહોલ જ્યારે બે દાયકા અગાઉ બન્યો ત્યારે કલાકારોની કમિટીની રચના કરાઈ હતી તેવી જ રીતે આ કામોમાં તેમના અનુભવનો લાભ લેવો એટલો જ જરૂરી છે, જેથી ભવિષ્યમાં નેશનલ લેવલના નાટકોનો મંચન ટાઉનહોલમાં થાય. પૈસાનો સદઉપયોગ લેખે લાગે તેમ છે. અગાઉ જે ત્રુટીઓ રહી ગઈ છે તેને સુધારવાથી પાલિકાને ખોટો ખર્ચ કરવો ન પડે તેવું કલા જગતના લોકોનું કહેવું છે.

# ખેલેગા ભારત-જીતેગા ભારતના સૂત્રને સાર્થક કરતી સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૩







ભુજ : કચ્છ લોકસભા પરિવાર અને સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા ૫૨૦થી વધુ ટીમોને ત્રણ માસના સમયગાળા દરમ્યાન રમાડી લીમકા બૂક ઓફ વર્લ્ડ માં સૌથી મોટી ઓપન ડે - નાઈટ ટુર્નામેન્ટ માં રેકોર્ડ બનાવવા તરફ અગ્રેસર છે. ખેલાડીઓની ખેલ પ્રત્યેની ભાવના, દર્શકો તરફથી મળતું પ્રોત્સાહન અને આયોજકો તરફથી વ્યવસ્થાનો અદ્દભૂત સંગમ જોવા મળે છે. વિસમાં દિવસની પ્રથમ ક્રિકેટ મેચ કેકે સરકાર ઈલેવન અને વલ્મિકી એ ઈલેવન ભુજ વચ્ચે રમાઇ હતી, જેમાં વાલ્મીકિ એની જીત થઇ હતી.

બીજી મેચ બાપા સીતારામ ઈલેવન અને વિનીત ઈલેવન ભુજ વચ્ચે રમાઇ હતી, જેમાં વિનીત ઈલેવન ભુજ ટીમ વિજેતા થઇ હતી. ત્રીજી મેચ ફ્રેન્ડસ ઈલેવન ભાનાળા અને જય ભાલારા ઈલેવન વચ્ચે રમાઇ હતી, જેમાં ફ્રેન્ડસ ઈલેવન ભાનાળા વિજેતા થઇ હતી. ચોથી મેચ ઝેડઝેડઝેડ ઈલેવન ભારાપર અને ખાવડા ઈલેવન વચ્ચે રમાઇ હતી, જેમાં ઝેડઝેડઝેડ ઈલેવન ભારાપર ટીમની જીત થઇ હતી. પાંચમી મેચ કુકમા સી ઈલેવન ભુજ અને એબીસી ઈલેવન કાળીતલાવડી વચ્ચે રમાઇ હતી, જેમાં એબીસી ઈલેવન કાળીતલાવડી ટીમની જીત થઇ હતી.

છઠ્ઠી મેચ જય માતાજી ઈલેવન ભુજપુર અને દ્વારકેશ ઈલેવન સણોસરા વચ્ચે રમાઈ હતી, જેમાં દ્વારકેશ ઈલેવન સણોસરાની ટીમ વિજેતા થઇ હતી. મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા થઈ હતી.

આ મેચ દરમ્યાન ખેલાડીઓને પ્રોત્સાહન આપવા મનીષભાઈ બારોટ, શૈલેન્દ્રસિંહ જાડેજા, વિરમભાઇ આહીર, યોગેશભાઇ ત્રિવેદી, રવિભાઇ ત્રવાડી, કિરણભાઇ ગોરી, ધમભા જાડેજા, ગોરધનભાઇ વાઘેલા, વાલજીભાઇ ધેડા, બ્રિજેશભાઇ મહેશ્વરી, રવિભાઇ ગરવા, પચાણભાઇ સંજોટ, પ્રફુલસિંહ જાડેજા, નરેશભાઇ પટેલ, વિશ્રામભાઇ યાદવ, રમેશભાઇ લોંચા, દીપકભાઇ ડાંગર, ધવલરાજ સોલંકી, રમેશભાઇ રબારી, જીતુભા ઝાલા, સંજયભાઇ ઠક્કર વિગેરે હાજર રહ્યા હતા.

## રોઝા-૨૯

### વેપાર - ધંધાના આદાબ (રીતભાત)-૨

**ઈફતાર : ૭.૦૯** | **સહેરી : ૫.૨૪**

ખરીદનારાઓને સારામાં સારો માલ આપવાનો પ્રયત્ન કરો. જે માલ માટે તમને સંતોષ ન હોય એ માલ હરગિજ ખરીદનારને ન આપો અને જો કોઈ ખરીદનાર તમારી સલાહ માગે તો તેને યોગ્ય સલાહ આપો. માલની ખામી છુપાવવાથી અને ખરીદનારને છેતરવાથી દૂર રહો. માલની ખામી અને ખરાબી ખરીદનારને જણાવી દો. એક વખત નબી સ.અ.વ. અનાજના ઢગલા પાસેથી પસાર થયા તો આપે એનો હાથ એ ઢગલામાં નાખ્યો તો આંગળીઓ ઉપર સહેજ ભેજ જેવું લાગ્યું. નબી સ.અ.વ.એ અનાજના વેપારીને પૂછ્યુ 'આ શું ?' દુકાનદારે કહ્યું કે 'હે અલ્લાહના રસૂલ ! આ ઢગલા ઉપર વરસાદ પડી ગયો હતો. તો આપ સ.અ.વ.એ ફરમાવ્યું 'તો પછી પલળેલા અનાજને ઉપર કેમ ન રાખ્યો કે લોકો તેને જોઈ લેત ? જે માણસ ઠગાઈ કરે તેનો મારી સાથે કોઈ સંબંધ નથી. નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે : 'સંગ્રહખોરી કરનાર માણસ ગુનેગાર છે. એક વખતે નબી સ.અ.વ.એ ફરમાવ્યું 'સંગ્રહખોરી કરનાર માણસ કેવો દુષ્ટ માણસ છે, જ્યારે અલ્લાહ વસ્તુઓને સસ્તી બનાવી દે છે ત્યારે તે દુખના માર્યે ઓગળે છે અને જ્યારે ભાવ વધી જાય છે ત્યારે તેનું દિલ ખુશ ખુશ થઈ જાય છે. (મિશ્કાત)

ખરીદનારને તેનો હક્ક પૂરેપૂરો આપો. માપતોલમાં ઈમાનદારી અપનાવો, લેવાના અને આપવાના બાટ એક જ રાખો. નબી સ.અ.વ.એ તોલમાપ કરનારા વેપારીઓને સંબોધન કરતાં ચેતવ્યા છે તમને લોકોને બે એવા કામો માટે જવાબદાર બનાવી દેવામાં આવ્યા છે કે જેને કાર તમારી અગાઉ થઈ ગયેલી કોમો નાશ પામી. વેપારમાં પ્રતિ ભૂલચૂક માટે પ્રાયશ્ચિત જરૂર કરતા રહો અને અલ્લાહની રાહમાં દિલ ખોલીને સદકા અને ખૈરાત આપતા રહો. નબી સ.અ.વ.એ વેપારીઓને હુકમ કર્યો હે વેપાર કરનારા લોકો માલ વેચવામાં ખોટી વાત કરવાની અને જૂઠ્ઠા સોગંદ ખાવાની ઘણી સંભાવના રહે છે તેથી તમે લોકો તમારા માલમાંથી સદકો જરૂર આપતા રહો. (અબૂદાઊદ)

**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

# ભુજના શાંતિ સુંદર સ્મૃતિવનમાં વૃક્ષારોપણ કરાયું

ભુજ : અહીંના પ્રમુખ સ્વામીનગર, સરકારી વસાહત પાસે આવેલ શાંતિ સુંદર સ્મૃતિવન ખાતે જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજના સહયોગથી પક્ષીને ચણ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જેના મુખ્ય દાતા શાંતિભાઈ પટેલ રહ્યા હતા. આ પ્રસંગે જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજના પ્રમુખ અશોકભાઈ માંડલિયા સાથે સભ્યો અને અધિકારીઓ જયસિંહ પરમાર, મધુકાંતભાઈ આચાર્ય, હેમંતભાઈ ઠક્કર, પ્રદીપભાઈ જોષી, નરસિંહભાઈ ગોગારી, વિનોદભાઈ ચૌહાણ, પી.સી. ચૂડાસમા, અભિલાષ મહેતા, બિપીનભાઈ ઠક્કર, વિનોદભાઈ ગોર, હરિલાલ યાદવ, વિનોદભાઈ સલાટ હાજર રહ્યા હતા. જીતેન્દ્ર ચૌહાણ, મહેશભાઈ સોમપુરા, મહિલા અગ્રણી વીણાબેન માંડલિયા, રાધાબેન પટેલ, પૂજાબેન અયાચી, મમતાબેન ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. કિરીટસિંહ જાડેજા, કનુભાઈ રાવલ, મહેશભાઈ ચાડાએ જાયન્ટ્સ ગ્રુપનું સભ્ય પદ સ્વીકાર્યું હતું. શાંતિવન વતી ભરતભાઈ સોની, જમનાદાસભાઈ પોમલ, ભુપેન્દ્રભાઈ મહેતા, મહેશભાઈ પોમલ, જયેશભાઈ કેસરિયા, રાજેશ ડાભી, ઘનશ્યામભાઈ ગોસ્વામી, મહેશભાઈ ઠક્કર હાજર રહ્યા હતા. સમિતિએ જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજનો આભાર માન્યો હતો.

# સરકારી શાળાના શિક્ષણ સુધારવા માટે શિક્ષણપ્રધાનની જાહેરાત



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત વિધાનસભા ગૃહની કામગીરી દરમ્યાન આજ રોજ રાજયના શિક્ષણ પ્રધાન પ્રફુલ્લ પાનસેરીયા દ્વારા શિક્ષણનું સ્તર સુધારવા માટેની જાહેરાત કરવામા આવી હતી. તેઓએ કહ્યુ હતુ કે, સરકારી શાળામાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે ખાસ કરીને ગણિત અને વિજ્ઞાનના વિષયોની લર્નિંગ કીટ સરકાર તરફથી આપવામા આવશે.

# હવે હોસ્પિટલના બિલમાં દર્દી છેતરાઈ નહિં શકે : બિલમા પારદર્શિતા માટે નવું ફોર્મેટ તૈયાર થશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દેશભરની હોસ્પિટલો, નર્સીંગ હોમ અને તપાસ કેન્દ્રોમાં બિલીંગ પ્રક્રિયાને પારદર્શી અને એક સમાન બનાવવાની તૈયારી કરી રહી છે. તેના માટે સરકાર ટુંક સમયમાં જ બધા સ્વાસ્થ્ય સંસ્થાનો માટે એક માન્ય બિલિંગ ફોર્મેટ રજુ કરશે. તેમાં સારવારનાં ખર્ચની વિસ્તૃત વિગત ફરજીયાત આપવી પડશે. આ કવાયતનો ઉદેશ બિલીંગમાં થતી ગરબડો અને હોસ્પિટલોની મનમાની રોકવાનો છે.સુત્રોના જણાવ્યા મુજબ નવા બિલીંગ ફોર્મેટને ભારતીય માનક બ્યુરો અને સ્વાસ્થ્ય મંત્રાલય મળીને તૈયાર કરી રહ્યા છે. નવા ફોર્મેટમાં બિલમાં સામેલ થનાર અનિવાર્ય અને વૈકલ્પિક ચીજોને પણ નિર્ધારીત કરવામાં આવી છે એથી દર્દીઓને એ સમજવામાં સરળતા રહેશે કે તેના પૈસાનો કયાં ઉપયોગ કર્યો.બિલનો દરેક ભાગ સમજવાનો મોકો મળશે હાલ બિલમાં ઘણીવાર એક સાથે રકમ બતાવવામાં આવે છે. જેમાં એ નથી બતાવાતું કે કેટલા પૈસા કયાં ખર્ચાયા નવા ફોર્મેટમાં જરૂરત પડવા પર બિલની તપાસ કરી શકાશે અને ખોટો ચાર્જ લાગવા પર ફરિયાદ પણ કરી શકશે.આ ઉપરાંત આ નિયમ સ્વાસ્થ્ય વીમા કંપનીઓ માટે પણ મદદરૂપ નીવડશે. એક સરખા બિલીંગ ફોર્મેટથી વીમા દાવાની ચકાસણીને વેરીફાઈ કરવી સરળ રહેશે.સાથે સાથે કેન્દ્ર-રાજયની સ્વાસ્થ્ય યોજનાઓ જેમ કે આયુષ્યમાન ભારતને લાગુ કરવામાં પણ મદદ મળશે. દર્દીઓને એ ભરોસો મળશે કે તેની સાથે કોઈ ઠગાઈ નહિં થાય.

ચિકિત્સાની પ્રક્રિયા એટલે કે રોજનું રૂમનુ ભાડુ, રૂમનો પ્રકાર, ડોકટર-નિષ્ણાંતોનો ચાર્જ, ઓપરેશન ચાર્જ વગેરે દવાઓમાં વિતરીત દવાઓની યાદી, દવાની માત્રા, કિંમત એકસપાયરી ડેટ વગેરે. ઉપરાંત અન્ય વિગતોમાં ઈમરજન્સી સંપર્ક, ડોકટરોનું પદ નામ વળતર-રાહતો વગેરે વિવરણ આપવુ પડશે.

# સ્ટેમ્પ ડ્યૂટીમાં મોટો ફેરફારઃ દંડની રકમમાં જંગી વધારોઃ અધિકારીઓને જેલની સજા ફટકારવાની સત્તા મળશે

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં 'ધ ગુજરાત સ્ટેમ્પ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૫' રજૂ કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮માં મોટા સુધારા સૂચવવામાં આવ્યા છે. આ બિલમાં સ્ટેમ્પ ડ્યૂટી સંબંધિત નિયમોનું પાલન ન કરનારા, ખોટી માહિતી આપનારા કે ડ્યૂટી જમા ન કરાવનારા માટે દંડની રકમમાં અકલ્પનીય વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ સ્ટેમ્પ અધિકારીઓને જેલની સજા સંભળાવવાની સત્તા આપવાની ચોંકાવનારી જોગવાઈએ પણ ચર્ચા જગાવી છે.

દંડમાં ભારે વધારો નવા સુધારા મુજબ, કલમ ૬૨-ક (૩) હેઠળ દંડની રકમ હાલના ૨૦૦ રૂપિયાથી વધારીને ૧ લાખ રૂપિયા કરવામાં આવી છે, જેમાં ઓછામાં ઓછો દંડ ૧૦ હજાર રૂપિયા ફરજિયાત રહેશે. કલમ ૬૨-કની અન્ય જોગવાઈઓમાં પણ દંડ ૨૦૦ રૂપિયાથી વધારીને ૫૦ હજાર રૂપિયા કરવામાં આવ્યો છે, જેમાં ન્યૂનતમ દંડ ૧૦ હજાર રૂપિયા નિશ્ચિત કરાયો છે. આ ઉપરાંત, કલેક્ટરને દંડની રકમમાં ઘટાડો કરવાની સલાહ પણ આપવામાં આવી છે. જેલની સજા અધિકારીના હાથમાં !! કલમ ૬૨-નો ભંગ કરનાર માટે પહેલીવાર ૫૦૦ રૂપિયા, ગુનેગાર ઠરે તોપ હજાર રૂપિયા. બીજીવાર ભંગ માટે ૧ હજાર રૂપિયા અને ત્રીજીવાર કે ત્યારબાદ ૨ હજાર રૂપિયાનો દંડ તેમજ બે વર્ષની જેલની સજાની જોગવાઈ છે.

# આસારામનો આશ્રમ ઓલિમ્પિક માટે સંપાદન કરશે સરકાર!!!

ગાંધીનગરઃ આસારામ આશ્રમ, ભારતીય સેવા સમાજ અને સદાશિવ પ્રજ્ઞા મંડળને દૂર કરી શકાય અન્ય જગ્યાએ જમીન ફાળવાશેઓલમ્પિક ૨૦૩૬ ઓલમ્પિકની યજમાની માટે ભારતે દાવેદારી નોંધાવી ત્યારથી જ તૈયારીઓએ વેગ પકડ્યો છે. ઓલમ્પિકના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વહીવટ માટે સમિતિઓ બનાવીએ કામગીરી શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ માટે સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ બનાવવામાં આવશે. ઓલિમ્પિક વિલેજ અને અન્ય રમતગમત સુવિધાઓ પણ બનાવવામાં આવશે. આ બધું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નજીક આશરે ૬૫૦ એકર જમીન પર બનાવવામાં આવશે. એવા સમાચાર છે કે આ સ્થળે બનેલા ત્રણ આશ્રમો દૂર કરવામાં આવી શકે છે. આમાં આસારામનો આશ્રમ પણ સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ આશ્રમોને બીજી જગ્યા આપવામાં આવશે. જમીન સંપાદનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે.

અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદના જિલ્લા કલેક્ટર અને ઔડાના સીઈઓ જમીન સંપાદન માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. ઔડા એટલે અમદાવાદ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ. આ સંસ્થા શહેરના વિકાસ માટે યોજનાઓ બનાવે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ત્રણ આશ્રમો, આસારામ આશ્રમ, ભારતીય સેવા સમાજ અને સદાશિવ પ્રજ્ઞા મંડળને દૂર કરી શકાય છે. આ આશ્રમોને બીજી જગ્યાએ ખસેડવાની ચર્ચા ચાલી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, કલેક્ટર ઓફિસ આસારામ આશ્રમ, ભારતીય સેવા સમાજ અને સદાશિવ પ્રજ્ઞા મંડળ અંગે કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરશે. સમિતિ જમીન માટે વળતર આપવાનો કે બીજી જગ્યા આપવાનો નિર્ણય લેશે. સદાશિવ પ્રજ્ઞા મંડળ ઈચ્છે છે કે તેમના કેટલાક બાંધકામોને ત્યાં રહેવા દેવામાં આવે. જો તેઓ બીજી જમીન પૂરી પાડવામાં મદદ કરે, તો માસ્ટર પ્લાનમાં આ ફેરફાર કરી શકાય છે. સ્ટેડિયમ નજીક શિવનગર અને વણજારા વાસ જેવા કેટલાક રહેણાંક વિસ્તારોનો પણ માસ્ટર પ્લાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય લીધો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અહીં રહેતા લોકોને સ્થળાંતર કરશે. અમદાવાદ કલેક્ટર ઓફિસને જમીન સંપાદન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. સરકાર ૨૦૩૬ ઓલિમ્પિક રમતો માટે અમદાવાદને સારી રીતે તૈયાર કરવાનો પ્રયાસ કરી રહી છે. તેથી, જમીન સંપાદનનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. લોકોને સ્થળાંતરિત કરવાની અને આશ્રમોને અન્ય સ્થળોએ ખસેડવાની પ્રક્રિયા પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.'૩૬ની ઓલિમ્પિકની યજમાની અમદાવાદને ભારતનું સૌથી સમૃદ્ધ શહેર બનાવી દેશે!!! ૪૧ હજારથી વધુ 'પંચતારક' રૂમોની જરૂરિયાત ઊભી થશે!

ઓલિમ્પિક્સનું આયોજન કરતા દેશોમાં સામાન્ય રીતે દરરોજ ૧,૦૦,૦૦૦ પ્રવાસીઓ આવે છે.

# રાહુલ ગાંધીની નાગરિકતા પર સંકટ? ભાજપ નેતાએ દિલ્હી હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટને માહિતી આપી હતી કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતાનો મુદ્દો ગૃહ મંત્રાલય સમક્ષ પેન્ડિંગ છે. કેન્દ્રના વકીલની દલીલોને ધ્યાનમાં લેતા, મુખ્ય ન્યાયાધીશ ડીકે ઉપાધ્યાય અને ન્યાયાધીશ તુષાર રાવ ગેડેલાની બેન્ચે કેસની સુનાવણી ૨૮ મે સુધી મુલતવી રાખી છે. ભારતીય જનતા પાર્ટીના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ હાઈકોર્ટને વિનંતી કરી છે કે તેઓ રાહુલની નાગરિકતા અંગે નિર્ણય લેવા માટે ગૃહ મંત્રાલયને નિર્દેશ આપે. એડિશનલ સોલિસિટર જનરલ ચેતન શર્માએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે, આ મામલો સબ-જ્યુડિસ છે. બેન્ચને એ પણ જણાવવામાં આવ્યું હતું કે અલ્હાબાદ હાઈકોર્ટ, જે સમાન અરજીની સુનાવણી કરી રહી છે, તેણે તાજેતરમાં ગૃહ મંત્રાલયને કાર્યવાહીના પરિણામ વિશે માહિતગાર કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે. જ્યારે સ્વામીએ કોર્ટને વિનંતી કરી કે રાહુલને ગૃહ મંત્રાલય દ્વારા તેમને જારી કરાયેલા પત્રનો જવાબ દાખલ કરવા નિર્દેશ આપવામાં આવે, ત્યારે બેન્ચે કહ્યું કે તે મંત્રાલયની કાર્યવાહીમાં દખલ કરી શકે નહીં. દિલ્હી હાઈકોર્ટની બેન્ચે કહ્યું, અમે ફરજ પાડી શકતા નથી. કાર્યવાહી મંત્રાલય પાસે પેન્ડિંગ છે. નિર્ણય લેવાનું મંત્રાલયનું કામ છે. અમે મંત્રાલયની કાર્યવાહીમાં દખલ કરી શકતા નથી અને મંત્રાલય સમક્ષ કાર્યવાહીમાં સામેલ કોઈપણ વ્યક્તિને કોઈ નિર્દેશ આપી શકતા નથી. ૧૯ ફેબ્રુઆરીના રોજ, દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતાના મુદ્દા પર નિર્ણય લેવા માટે ગૃહ મંત્રાલયને સ્વામી દ્વારા કરવામાં આવેલી રજૂઆતની સ્થિતિ વિશે માહિતગાર કરવા જણાવ્યું હતું.

વકીલ સત્ય સભરવાલ દ્વારા દાખલ કરાયેલી સ્વામીની અરજીમાં કહેવામાં આવ્યું છે કે ૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ મંત્રાલયને એક પત્ર મોકલવામાં આવ્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાહુલે બ્રિટિશ સરકારને "સ્વૈચ્છિક રીતે જાહેર કર્યું" હતું કે તેમની પાસે યુકે નાગરિકતા છે, જે બ્રિટિશ પાસપોર્ટ ધરાવવા સમાન છે. સ્વામીએ કહ્યું છે કે કોંગ્રેસ નેતાએ ભારતીય નાગરિક હોવા છતાં, બંધારણની કલમ ૯ અને ભારતીય નાગરિકતા કાયદાનું ઉલ્લંઘન કર્યું છે અને તેમની ભારતીય નાગરિકતા રદ કરવી જોઈએ.

## કેન્સર અને ડાયાબિટીસના દર્દીઓ માટે ઝટકો! આ દવાઓ થઈ શકે છે મોંઘી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આરોગ્ય ક્ષેત્ર મોંઘવારીની ઝપેટમાં આવવાનું છે. સરકાર કેન્સર, ડાયાબિટીસ, હૃદય રોગ અને એન્ટિબાયોટિક્સ જેવી આવશ્યક દવાઓના ભાવમાં વધારો કરી શકે છે. સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે દવાઓના ભાવમાં ૧.૭ ટકાનો વધારો થવાની સંભાવના છે.

ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સના જનરલ સેક્રેટરી રાજીવ સિંઘલે કહ્યું છે કે દવાઓના ભાવ વધારીને ફાર્મા ઉદ્યોગને રાહત મળી શકે છે. ફાર્મા ઉદ્યોગમાં કાચા માલ અને અન્ય ખર્ચાઓ વધી રહ્યા છે. સંસદીય સ્થાયી સમિતિના અહેવાલ મુજબ, ફાર્મા કંપનીઓ વારંવાર માન્ય કિંમત વધારાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ ૩૦૭ કેસોમાં ફાર્મા કંપનીઓને નિયમોનું ઉલ્લંઘન કરતી શોધી કાઢી.ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર, ૨૦૧૩ હેઠળ દવાઓના ભાવ નક્કી કરે છે. બધી ફાર્મા કંપનીઓને કિંમતો નિર્ધારિત મર્યાદામાં રાખવા સૂચના આપવામાં આવી છે.

# રાજ્યના નાગરિકોને સમૃદ્ધ જીવન અને સમૃદ્ધ આવક અપાવવાની રાજ્ય સરકારની નેમ છે : કનુભાઈ દેસાઈ

**રાજ્યના જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો થતાં વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યનું જાહેર દેવુ ૧૫.૨૮ ટકા થવાનો અંદાજ, જે ૨૭.૧૦ ટકાની નિયત મર્યાદા કરતાં ઘણું ઓછુંઃ નાણાં મંત્રી : ધારાસભ્યોને આપવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કરવા સરકારની વિચારણા**

ગાંધીનગરઃ રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટેની નાણાં વિભાગની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં નાણાં મંત્રી દેસાઈએ જણાવ્યું કે રાજ્યનો નાણાં વિભાગ રાજવિત્તીય અધિનિયમ, ૨૦૦૫ના નિયત માપદંડો મુજબ નાણાકીય વ્યવસ્થાપન માટે શિસ્તબદ્ધ રીતે કાર્યરત્ છે. આ માટેના નિયત માપદંડોને અનુસરીને રાજ્યની મહેસૂલી ખાધ ક્રમશઃ નાબૂદ કરીને સુદૃઢ રાજવિત્તીય વ્યવસ્થાતંત્ર અને રાજવિત્તીય સ્થિરતા સુનિશ્ચિત કરવામાં સફળ રહી છે તેમ તેમણે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું.

ધારાસભ્યોને તેમના મત વિસ્તારમાં વિકાસ કાર્યો માટે આપવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કરવાની રાજ્ય સરકાર વેચાણ કરી રહી છે અને ધારાસભ્યોને આપવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કરવામાં આવશે તેવી જાહેરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આજે વિધાનસભા ગૃહમાં નાણા વિભાગની માંગણી ઉપરની ચર્ચા ના જવાબમાં જણાવ્યું હતું.

નાણાં મંત્રીએ કહ્યું કે દેશના જીડીપીમાં નોંધપાત્ર હિસ્સો ધરાવતું ગુજરાત સૌથી ઝડપથી વિકસતાં રાજ્યોના અર્થતંત્રોમાંનું એક છે. બે દાયકા અગાઉ તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રા સતત આગળ વધી રહી છે. ત્યારે રાજ્યના નાગરિકોને સમૃદ્ધ જીવન અને સમૃદ્ધ આવક મેળવવાની સાથેસાથે ગુજરાતને એક વિકસિત રાજ્ય બનાવવાનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું વિઝન છે અને રાજ્ય સરકાર સતત આ દિશામાં પ્રયત્નશીલ છે. રાજ્યના જાહેર દેવા વિશે વાત કરતાં મંત્રીશ્રીએ કહ્યું કે રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદન-GSDPની સામે જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે અને વર્ષ ૨૦૨૫-૨૬માં જાહેર દેવુ ૧૫.૨૮ ટકા રહેવાનો અંદાજ સૂચવવામાં આવ્યો છે. જે ૨૭.૧૦ ટકાની નિયત મર્યાદા કરતાં ઘણું જ ઓછું છે. દેસાઈએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને મૂડી રોકાણના પ્રોજેક્ટ્સ માટે ૫૦ વર્ષ માટે વ્યાજમુક્ત લોનના સ્વરૂપમાં રાજ્યોને નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત ચાલું નાણાકીય વર્ષમાં અત્યાર સુધી કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના હેઠળ ગુજરાતને રૂ.૫૦૨૭ કરોડની સહાય આપવામાં આવી છે. જેના પરિણામે જાહેર દેવા પર વ્યાજની ચૂકવણીના સરેરાશ ખર્ચમાં ઘટાડો નોંધાયો છે.

રાજ્યના એકંદર ધરગથ્થુ ઉત્પાદન તથા આવકના વધારાની છેલ્લાં ૧૦ વર્ષની સાપેક્ષ વિગતો આપતાં મંત્રીશ્રીએ કહ્યું કે રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં જાહેર દેવા પર વ્યાજની ચૂકવણીનો સરેરાશ ખર્ચનો દર ૮.૮૭ ટકા જેટલો હતો. જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજમાં ૭.૩૬ ટકા જેટલો થવાનો અંદાજ છે. આમ, એકંદર ધરગથ્થુ ઉત્પાદન તથા આવકના વધારાના સાપેક્ષમાં જાહેર દેવાનો દર ઘટ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

## સરકારી - ગ્રાન્ટેડ કોલેજોમાં ફીના સમાન ધોરણ : બસ પ્રવાસમાં કન્સેશન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાજ્યની કોલેજોમાં ફીના માળખા અંગેની વિગતો આપતાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું કે રાજ્યની સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોમાં ફીનું ધોરણ સમાન છે. આ અંગે મંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારના તા. ૬ જૂન, ૨૦૦૩ના ઠરાવ અન્વયે આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષણ ફી સ્વરૂપે ફક્ત રૂ. ૬૦૦ની રકમ લેવામાં આવે છે, જ્યારે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની વિદ્યાર્થિનીઓને શિક્ષણ ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ જ પ્રકારે, રાજ્યના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને કોલેજ સુધી આવવા-જવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય પરિવહન નિગમની બસોમાં કન્સેશનની યોજનાનો લાભ આપવામાં આવે છે.

# બાંગ્લાદેશમાં નવાજૂનીના એંધાણઃ યુનુસ ચીન અને યુએસ આર્મી જનરલ ઢાકા દોડ્યા

નવી દિલ્હી : બાંગ્લાદેશમાં ગમે ત્યારે સત્તા પલટ થાય તેવી સંભાવનાઓ વચ્ચે વધુ એક નવું સમીકરણ ઉમેરાયું છે અને એક તરફ મોહમ્મદ યુનુસ ચીનની મુલાકાતે છે, ત્યારે એક ટોચના યુએસ આર્મી જનરલ અચાનક બાંગ્લાદેશ પહોંચી ગયા હતા અને બાંગ્લાદેશ આર્મીના અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરી હતી.યુએસ એમ્બેસીએ જણાવ્યું હતું કે, તેમની મુલાકાત દરમિયાન, લેફ્ટનન્ટ જનરલ જોએલ 'જેબી' વેવેલે બાંગ્લાદેશ સેના સાથે મજબૂત સંબંધો પ્રત્યે યુએસ સેનાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ હાલમાં ચીનની મુલાકાતે છે. બીજી બાજુ, એક ટોચના અમેરિકન લશ્કરી અધિકારી ઢાકા પહોંચ્યા. પ્રાદેશિક સુરક્ષા માટે બાંગ્લાદેશ સેનાના મહત્વને ધ્યાનમાં રાખીને, અમેરિકાએ તેને તેના લશ્કરી હાર્ડવેરથી સજ્જ કરવામાં રસ દાખવ્યો છે. યુએસ આર્મીના ડેપ્યુટી કમાન્ડિંગ જનરલ ઢાકા પહોંચી ગયા છે. તેઓએ સહિયારા સુરક્ષા હિતો અને ચાલુ સહયોગની ચર્ચા કરી, જેમાં આંતર-કાર્યક્ષમતા અને ક્ષમતાઓ વધારવા માટે યુએસ-મૂળના સાધનોની ક્ષમતાઓ વધારવાનો સમાવેશ થાય છે.

# હૃદયદ્રાવક ઘટનાઃ પિતાએ ૫થી ૧૩ વર્ષની વયના ચાર બાળકોના ગળા કાપી મોતને ઘાટ ઉતાર્યા, પછી પોતે ફાંસો લગાવી આત્મહત્યા કરી

નવી દિલ્હી :ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક પિતાએ પોતાના ચાર માસૂમ બાળકોના ગળું કાપીને હત્યા કરી દીધી. આ પછી પિતાએ પણ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ગભરાટનો માહોલ છે.હાલમાં પોલીસે મૃતદેહોને પોતાના કબજામાં લઈ કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ ઘટના રોઝા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના માનપુર ચાચરી ગામમાં બની હતી.કહેવામાં આવી રહ્યું છે કે આ ગામનો રહેવાસી રાજીવ તેના ઘરમાં હતો. તેમને ત્રણ દીકરીઓ અને એક દીકરો છે. મોડીરાત્રે કોઈક સમયે, રાજીવે તેની પુત્રીઓ સ્મૃતિ (૧૩), કીર્તિ (૯), પ્રગતિ (૭) અને પુત્ર ઋષભ (૫)ની ગળું કાપીને ક્રૂરતાથી હત્યા કરી દીધી. હત્યા કર્યા પછી, રાજીવે પણ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી.કહેવામાં આવી રહ્યું છે કે તેની પત્ની તેના માતા-પિતાના ઘરે ગઈ હતી. રાજીવના પિતા પૃથ્વીરાજ ઘરની બહાર સૂતા હતા. સવારે જ્યારે પૃથ્વીરાજે દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે જોયું કે દરવાજો અંદરથી બંધ છે. જે પછી કોઈક રીતે પૃથ્વીરાજ ઘરની અંદર પહોંચી ગયો અને ત્યાં જે દ્રશ્ય જોયું તેનાથી તેનો આત્મા કાંપી ઉઠ્યો હતો.

## વિધાનસભાના દ્વારેથી...

### કચ્છ જિલ્લામાં નવા પશુ આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા ૭ દરખાસ્ત મંજુર કરવામાં આવી



ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પાંચ તાલુકામાં નવા પશુ આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે આઠ દરખાસ્તો સરકારને મળી હતી જે પૈકી સાત દરખાસ્તોને મંજૂર કરવામાં આવી હોવાનું રાજ્યના પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું.

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ પૂછેલા એક લેખિત તારાકીત પ્રશ્ન ના ઉત્તરમાં ઉપરોક્ત ઉત્તર આપતા રાજ્યના પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં અબડાસામાં એક ભુજમાં એક માંડવી તાલુકા માંથી એક લખપત તાલુકામાં બે ભચાઉમાં ત્રણ નવા પશુ આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા ૮ દરખાસ્તો મળી હતી જે પૈકી સાત દરખાસ્તોને મંજૂર કરવામાં આવી છે.

# કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૭,૪૨૪ હેક્ટરમાં રૂ. ૩,૬૫૦ લાખના ખર્ચે ૪૨૭.૫૮ લાખ રોપાઓનું વાવેતર કરાયું : મુકેશભાઈ પટેલ

ગાંધીનગરઃકચ્છ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ વિશે વિધાનસભા ગૃહમાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં કુલ ૭,૪૨૪ હેક્ટર વિસ્તારમાં રૂ. ૩,૬૫૦ લાખના ખર્ચે ૪૨૭.૫૮ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાંથી જીવંત રોપાની સંખ્યા ૩૫૪.૬૭ લાખ જેટલી છે. જે અંતર્ગત છેલ્લા એક વર્ષમાં નખત્રાણા તાલુકામાં રૂ. ૨૮૩.૯૯ લાખના ખર્ચે કુલ ૭૬૮ હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. વિગતવાર માહિતી આપતા મંત્રી એ જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં વન વ્યવસ્થા અને વિકાસની યોજના હેઠળ ૩,૦૬૯ હેક્ટર વિસ્તારમાં રૂ. ૧,૦૭૫.૯૬ લાખના ખર્ચે ૨૫.૭૨ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાંથી જીવંત રોપાની સંખ્યા ૨૧.૪૭ લાખ જેટલી છે. તેવી જ રીતે કેમ્પા યોજના હેઠળ ૪,૨૦૦ હેક્ટરમાં રૂ. ૨,૫૩૨.૮૫ લાખના ખર્ચે ૩૮૩.૮૩ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાંથી જીવંત રોપાની સંખ્યા ૩૧૭.૮૫ લાખ જેટલી છે. આ ઉપરાંત સ્ટેટ ચેર યોજના અંતર્ગત ૧૫૦ હેક્ટરમાં રૂ. ૩૯.૫૦ લાખના ખર્ચે ૧૮ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાંથી જીવંત રોપાની સંખ્યા ૧૫.૩૩ લાખ જેટલી છે, તેમજ ફોરેસ્ટ રિસર્ચ અંતર્ગત ૫ હેક્ટરમાં રૂ. ૧.૬૯ લાખના ખર્ચે ૩ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાંથી જીવંત રોપાની સંખ્યા ૨ હજાર જેટલી છે, તેમ મંત્રી એ ઉમેર્યું હતું.

# વેપારીને ક્રેડિટ આપવાના કેસમાં સ્ટેટ GST અધિકારીઓની કામગીરી કાયદાની ઉપરવટ

અમદાવાદ : વર્ષ પુરુ થયાના છ મહિનામાં જીએસટી ક્રેડિટ લેવા માટેનો નિયમ બનાવવામાં આવ્યો છે. પરંતુ જીએસટીનો કાયદો લાગુ થયો હોવાના લીધે વેપારીઓને તે સમજતા થોડી વાર લાગી હોવાના બીધે કેટલાક વેપારીઓએ જીએસટી ક્રેડિટ નાણાંકીય વર્ષ પુરુ થવાના છ મહિનાના બદલે બેથી ત્રણ વર્ષ બાદ લીધી હોય છે. આવા કિસ્સામાં વેપારી સામે વસુબાન કાઢવામાં આવી હતી. પરંતુ જીએસટીના કાયદામાં સુધારો કરીને એવો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો કે ૩૦ નવેમ્બર ૨૦૨૧ પહેલા જીએસટી ક્રેડિટ લેવામાં વેપારીએ મોડું કયું હોય તો પકા તેની સામે વસુલાતની કાર્યવાહી પડતી મુકવામાં આવવી જોઈ એ. તેમજ વેપારીએ તેના માટે અપીલમાં કેસ કર્યા હોય તો અધિકારીએ સુઓમોટો નિર્ણય લઈને આવા કેસ પડતા મુકી દેવાના હોય છે. પરંતુ સ્ટેટ જીએસટીના અધિકારીઓ આવા નિયમોનો અમલ કરવાના બદલે વેપારીઓને પરેશાન કરી રહ્યા છે. જેથી એવી પણ ચર્ચા થઈ રહી છે કે સ્ટેટ જીએસટીના અધિકારીઓ તો વસુલાત કરવા માટે કાવડાની પણ ઉપરવટ જઈને વેપારીઓને ચેનકેન પ્રકારે પરંશાન કરવામાં કોઈ કસર બાકી રાખતા નથી. જીએસટીના કાયદાની કલમ ૧૯૮૫)માં અધિકારીઓને એવું જણાવવામાં આવ્યુ છે કે જીએસટી લાગુ થયા બાદથી લઈને ૩૦ નવેમ્બર ૨૦૨૧ સુધીમાં કોઈ પણ વેપારીએ કોઈ પણ વર્ષમાં બાકી રહેલી ક્રેડિટ લીધી હોય તો તેની સામે વસુલાતની કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત જે વંધારીએ આ અંગે અપીલ કરી હોય તો અપીલ અધિકારીને સુઓમોટો નિર્ણય લઈને કેસનો નિકાલ કરીને તેની સામેની વસુલાત કરવાની રહેશે નહીં. પરંતુ સ્ટેટ જીએસટીના અધિકારીઓ કાયડાની ઉપરવટ હોય તેમ વેપારી સામે વસુલાતની કામગીરી સુઓમોટોરીતે પડતી મુકવાની ધરાર ના પાડી દેતા હોવાની વિગતો જાણવા મળી છે.

## શું આ નામદાર વડી અદાલતના આદેશની ઐસીતૈસી નથી?



નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા વૃક્ષછેદનની સામે ગઈકાલે જ લાલઆંખ કરતો નિર્દેશ કરી અને કહ્યુ છે કે, વૃક્ષછેદન કરવુ તે માનવ હત્યા કરતા પણ ગંભીર ગુનો છે. અને જાણે કે નામદાર વડી અદાલતના આદેશની પણ ગાંધીધામ સંકુલમાં ઐસીતૈસી કરવામા આવી હોય તેમ અહી એક ઘટાટોળ વિશાળ વૃક્ષનું છેદન કરવામા આવ્યુ હોવાનો વર્તારો સામે આવ્યો છે.

## પહેલા પાનાથી...

### ટ્રમ્પે ફરી ફોડયો ટેરિફ

અને દાવો કર્યો હતો કે આ ટેરિફ એકંદરે સંતુલિત હશે અને ટેસ્લા માટે પણ ફાયદાકારક હોઈ શકે છે.ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ ચીનની માલિકીના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ TikTok પર કરારના બદલામાં ચીનને ટેરિફ પર નાની છૂટ આપી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે જો જરૂર પડશે તો તેઓ કરારની સમયમર્યાદા વધારવા માટે તૈયાર છે.ટ્રમ્પે પત્રકારોને કહ્યું, 'ટિકટોકના કિસ્સામાં, ચીને તેમાં કેટલીક ભૂમિકા ભજવવી પડશે, કદાચ સંમતિના રૂપમાં, અને મને લાગે છે કે તેઓ કરશે. કદાચ મારે તેમને ટેરિફ પર થોડું ડિસ્કાઉન્ટ આપવું જોઈએ અથવા આ પરિપૂર્ણ કરવા માટે બીજું કંઈક કરવું જોઈએ.

### સહકારીક્ષેત્રે કેન્દ્રના

પણ નિશાન તાક્યું હતું. તેમણે કહ્યું. "આજે અમિતભાઈ સહકારિતા મંત્રી છે. પરંતુ જે અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો- ઓપરેટિવ બેંકના તેઓ ચેરમેન હતા. ત્યાં ૨૦૦૬૭થી એક જ વ્યક્તિ ડિરેક્ટર છે. ત્યાં કોઈ ચૂંટણી જ યોજાઈ નથી. આવા કિસ્સાઓમાં આરબીઆઈ અને સરકારની ભૂમિકા શું છે ? આ બેંકોમાં નિયમોનું પાલન થઈ રહ્યું છે કે નહીં,તેની તપાસ થવી જોઈએ." સરકાર પર ગંભીર આરોપ કોંગ્રેસના સાંસદ શ્રી ગોહિલે સરકારની નીતિઓને લઈને સવાલ ઉઠાવતા કહ્યું કે. "જ્યારે સહકારી બેંકોમાં નિયમોનું પાલન નથી થઈ રહ્યું. ત્યારે આવા સંશોધનો લાવવાનો શું અર્થ છે ? શું આ નિયમો ખાલી કાગળ પર જ રહેવાના છે? સરકારે આ મુદ્દે સ્પષ્ટતા કરવી જોઈએ અને જવાબદારી નક્કી કરવી જોઈએ." તેમણે એમ પણ ઉમેર્યું કે આવા નિયમોના અમલમાં થતી ઢીલાશ લોકોના વિશ્વાસને ડગમગાવી શકે છે. જનતા વચ્ચે ચર્ચાનો વિષયઃ શ્રી શક્તિસિંહ ગોહિલના આ ભાષણે રાજ્યસભામાં ગરમાગરમ ચર્ચા છેડી છે. ગુજરાતના સહકારી બેંકિંગ ક્ષેત્રમાં નિયમોના પાલન અને સરકારની ભૂમિકા અંગે લોકોમાં પણ ચર્ચા શરૂ થઈ છે. આ મુદ્દો આગામી દિવસોમાં રાજકીય વાતાવરણને વધુ ગરમ કરે તેવી શક્યતા છે.

### શરાબ પીવાની ટેવ

કે અરજદારે તેની શરાબ પીવાની ટેવ કે શોખ અંગે વિમા કંપનીને ગેરમાર્ગે દોરી તે બાબત છુપાવી હતી જેની તેનો કલેમ મંજુર થવા પાત્ર નથી.

### યુપીમાં મળ્યો તેલનો

બલિયામાં મળ્યો તેલનો ભંડાર એવું કહેવામાં આવી રહ્યું છે કે ૩,૦૦૦ મીટરની ઊંડાઈએ તેલ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, અહીં તેલનો ભંડાર છે, પરંતુ તે ઘણો ઊંડો છે. આ માટે ૩,૦૦૧ મીટર ડીપ બોરિંગ કરવામાં આવી રહ્યું છે. આ ખોદકામ માટે દરરોજ ૨૫,૦૦૦ લીટર પાણીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ખોદકામનું કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. ઓઈલ સપાટી સુધીનું બોરિંગ કામ એપ્રિલના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે તેવી અપેક્ષા છે. અહીંથી પોઝિટિવ રિપોર્ટ આવ્યા બાદ ગંગાના તટપ્રદેશમાં અન્ય ઓળખી કાઢવામાં આવેલા સ્થળો પર સમાન કૂવાઓ ખોદવામાં આવશે.

# ભાજપ રાજમાં ભેળસેળિયા બેફામ, ૧૧૭ પકડાયા પણ સજા કોઈને નહીં, સરકારનું ઢીલું વલણ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં જાણે ભેળસેળિયાઓને મોકળુ મેદાન મળી રહ્યુ છે. જેના કારણે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરી શંકાના ઘેરામાં આવી છે. વિધાનસભા ગૃહમાં ખુદ ભાજપના ધારાસભ્ય કિશોર કાનાણીએ આ વાતને લઈને સરકારની આકરી ટીકા કરી હતી. ત્યારે વિધાનસભામાં સરકારે જ કબૂલાત કરી છે કે, 'છેલ્લાં બે વર્ષમાં નકલી ઘી વેચતાં ૧૧૭ ભેળસેળિયા પકડાયાં હતાં, પરંતુ કોઈને સજા થઈ નથી. આ જોતાં ભેળસેળિયા તત્ત્વો સામે સરકારની ઢીલાશભરી નીતિનો ખુલ્લી પડી છે. વિધાનસભા ગૃહમાં ભાજપના ધારાસભ્ય કિશોર કાનાણીએ જ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરીને લઈને ઊભરો ઠાલવ્યો હતો કે, આજે શું ખાવુ અને શું ન ખાવુ એ વાતને લઈને ગુજરાતની જનતા મૂંઝવણ અનુભવી રહી છે. ખાદ્યપદાર્થોમાં ખુલ્લેઆમ ભેળસેળ થઈ રહી છે. આ અગાઉ ભાજપના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલે પણ આ મુદ્દો ઊઠાવી આક્ષેપ કર્યો હતો કે, માત્ર દરોડાના નાટક કરવામાં આવે છે.

જોઈએ છે ગાંધીધામ માટે
કામવાળી બહેન
ઘરનું સંપૂર્ણ કામકાજ તેમજ સાફ-સફાઈ માટે
ઓફીસની સાફ-સફાઈ કરી શકે તેવો માણસ જોઈએ છે.
મળવાનો સમય :- સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાકે
Mo. 9099079342

## આકરા તાપ અને ઝાકળની અસર

# કચ્છમાં કેસર કેરીનો પાક બળીને ખાખ : બાગાયતી ખેડૂતોને ફટકો

**સતત ત્રીજા વર્ષે પાક નિષ્ફળ જવાની ભીતિથી કચ્છના બાગયતી ખેડૂતો ચિંતામાં મુકાયા : ઉનાળાના પ્રારંભે જ સતત બદલાતી ઋતુ અને હવામાનમાં ગરમી અને ઝાકળના કારણે કેસર કેરીના વૃક્ષો પર અસર થઈ : ઝાકળ અને ગરમીના કારણે આંબાના છોડ ઉપર લાગેલી કુમળી કેરીઓ પડીને ખરી ગઈ**

**વૈજ્ઞાનિકોની ટીમ સ્થાનિક જગ્યા પર મુલાકાત લઈને સંશોધન કરે અને નુકસાનને કઈ રીતે બચાવી શકાય તે અંગે સલાહ સૂચનો આપે તેવી ખેડૂતો દ્વારા કરાઈ માંગ**

ભુજ : કચ્છમાં ઉનાળાના પ્રારંભે જ સતત બદલાતી ઋતુ અને હવામાનમાં ગરમી અને ઝાકળના કારણે કેસર કેરીના વૃક્ષો પર અસર થઈ રહી છે. પશ્ચિમ કચ્છના દેશલપરથી વેસલપર સુધીના રોહા પંથક વિસ્તાર ઉપરાંત કચ્છના નખત્રાણા, માંડવી, અંજાર, ગઢશીશા પંથકમાં ખેડૂતોના આંબાની વાડીમાં વૃક્ષો પર લાગેલી આંબાની કળીઓ બળીને ખરી ગઈ છે. કચ્છના ખેડૂતોને આ વખતે સારી માત્રામાં પાક થવાની આશા હતી પરંતુ બદલાતા હવામાનના કારણે ખેડૂતોને નુકસાન વેઠવાનો સમય આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર કચ્છમાં માર્ચ મહિનાના શરૂઆતથી જ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. ફાગણ મહિનાનો આકરો તાપ આંબાના પાકને ભરખી ગયો છે. કચ્છના રોહા પંથકના ખેડૂતોને આંબાના પાકની કળીઓ બળી જતા નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. કચ્છમાં બદલાતા હવામાનના બદલાવ તેમજ ઝાકળ અને ગરમીના કારણે આંબાના છોડ ઉપર લાગેલી કુમળી કેરીઓ પડીને ખરી ગઈ છે, જેનાં કારણે આંબાના અનેક વૃક્ષો ફળો વિહોણા બની ગયા છે. છેલ્લા ત્રણ વર્ષથી આ વિસ્તારમાં સતત કેરીનો ભાગ નિષ્ફળ જતો હોવાનું વેસલપરના પ્રગતિશીલ ખેડૂત રવિલાલભાઈ વાલાણીએ જણાવ્યું હતું. આંબાના પાકની કળીઓ ખરી પડતા રોહા પંથકના ખેડૂતોને આર્થિક નુકસાન થયું છે. આ વર્ષે આંબાના ઝાડમાં પુષ્કળ માત્રામાં મોર લાગ્યા હતા. પરિણામે ખેડૂતોને મોટી માત્રામાં ઉત્પાદન થવાની આશા હતી. પરંતુ કુદરતી પ્રકોપે આકરો તાપ અને ઝાકળના કારણે વૃક્ષો હવે ફળ વિહોણા બની ગયા છે.

છેલ્લા ૩ વર્ષથી બાગાયતી પાકો ઉપર માઠી દશા બેઠી હોય તેવું જણાઈ આવે છે. કારણ કે કમોસમી વરસાદ, કરા અને બિપોરજોય વાવાઝોડા પછી કેસર કેરીના પાકમાં નુકસાની જ નુકસાની થઈ રહી છે. ખેડૂતોને કરોડો રૂપિયા કમાઈ કરી આપતા આંબાના બગીચા ફળ વિહોણા બની જતાં ખેડૂતોને મોટું નુકસાન થયું છે.

શ્રી વાલાણીએ કચ્છ ઉદય સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વાતાવરણમાં થતા ફેરફાર અને ઝાકળ તેમજ ગરમીના તાપથી નુકસાન થાય છે ત્યારે તેનાથી બચવા માટે વૈજ્ઞાનિકોની ટીમ સ્થાનિક જગ્યા પર મુલાકાત લઈને સંશોધન કરે અને નુકસાનને કઈ રીતે બચાવવી શકાય તે અંગે સલાહ સૂચનો આપે તેવી માંગ ખેડૂતો દ્વારા કરવામાં આવી છે. કચ્છમાં કૃષિ યુનિવર્સિટી ની કોલેજ બને તો વૈજ્ઞાનિકોના માર્ગદર્શનનો લાભ ખેડૂતોને મળી શકે. હાલે ખેડૂતોના વાડી અને ખેતરોમાં કૃષિ વિભાગ અને બાગાયતી વિભાગના અધિકારીઓ આવે છે પરંતુ કોઈ વૈજ્ઞાનિકો આવતા નથી. કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શનનો લાભ જો બાગાયતી ખેડૂતોને મળે તો ખેડૂતો આર્થિક નુકસાનીથી બચી શકે. છેલ્લા ત્રણ વર્ષથી સતત આંબાનો ભાગ નિષ્ફળ જઈ રહ્યો છે. સરકાર દ્વારા આ વિસ્તારના ખેડૂતોને વૈજ્ઞાનિકો અને તજજ્ઞોના માર્ગદર્શનનો લાભ મળે તે દિશામાં કાર્યવાહી કરવી જોઈએ તેવું તેમણે વધુમાં ઉમેર્યુ હતું.

ભુજ તાલુકાના પ્રગતિશીલ કિસાન વેલજીભાઈ ભુડિયાએ જણાવ્યું હતું કે, વિતેલા દિવસો દરમ્યાન વાતાવરણમાં અવોલા ફેરફારથી કચ્છ સહિત રાજ્યભરમાં કેરીના પાકને વ્યાપક નુકસાન થયું છે. ઉનાળાની શરૂઆત બાદ અચાનક જ વાતાવરણ ઠંડુ બન્યું હતું. તાપમાનમાં થયેલા ઘટાડાથી ગરમીનો પ્રભાવ ઓસર્યો હતો. આ પ્રકારની આબોહવા કેરીના પાક માટે નુકસાનકારક હોય છે. વાતાવરણીય ફેરફારથી બાગાયતી ક્ષેત્રે કેરીના પાકને ભારે નુકસાન થયું છે.

### ગઢશીશા પંથકમાં વ્યાપક નુકસાન

કેસર કેરીના ગઢ ગણાતા ગઢશીશા પંથકમાં આ વર્ષે પણ કેસર કેરીના પાકને વ્યાપક નુકસાન થયું છે. આ વિસ્તારમાં મઉં, રત્નાપર, વિરાણી, ભેરૈયા, દરશડી, દુજાપર, મમાયમોરા, ગઢશીશા ગામોમાં કેરીના બગીચાઓમાં ફુલ ખરી પડતા ૧૦ થી ૨૦ ટકા જેટલો પાક બચ્યો છે.

### કેસર કેરી માટે પાક વીમાનો લાભ આપવા માંગ

ગઢશીશા પંથકમાં છેલ્લા થોડા વર્ષોથી કેસર કેરીના પાકને જુદા જુદા કારણોસર થઈ રહેલા નુકસાનથી ખેડૂતોને આર્થિક ફટકો પડી રહ્યો છે. તાજેતરમાં આ વિસ્તારમાં બાગાયતી ખેડૂતોની એક બેઠક નારાણભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં કેસર કેરીના પાક માટે ખેડૂતોને પાક વીમાનો લાભ મળે તેવી રજૂઆત રાજ્ય સરકાર સમક્ષ કરવાનો નિર્ણય લેવાયો હતો.

### ખેડૂતો કેસર કેરીની ખેતીથી થઈ રહ્યા વિમુખ

ગઢશીશા પંથકમાં કેસર કેરીના પાકને સતત થઈ રહેલા નુકસાનથી હવે બાગાયતી ખેડૂતો આંબાના ઝાડને ઉખેડી રહ્યા છે. સતત આર્થિક નુકસાન વેઠીને હતાશ થયેલા કિસાનો હવે કેસર કેરીના બદલે અન્ય પાકો તરફ વળી રહ્યા છે. છેલ્લા થોડા વર્ષોથી કુદરતી અને અન્ય કારણોસર પંથકમાં કેસર કેરીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું હોવાથી બાગાયતી ખેડૂતો હવે અન્ય બાગાયતી પાકો તરફ વળી રહ્યા છે.

# વ્યક્તિએ શાંતિ અને સમત્વમાં રહેવા પ્રયત્ન કરવો જોઈએ : આચાર્યશ્રી મહાશ્રમણજી



ભુજ : માનવ-માનવ વચ્ચે સદભાવના, નૈતિકતા અને નશામુક્તિ જેવા સદવિચારોનો પ્રચાર પ્રસાર કરનાર, ગામ-ગામ, નગર-નગર, કસ્બા અને મહાનગરને પાવન બનાવનાર જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘના વર્તમાન દેદીપ્યમાન મહાસૂર્ય, શાંતિદૂત, ભગવાન મહાવીરના પ્રતિનિધિ, યુગપ્રધાન આચાર્યશ્રી મહાશ્રમણજી તેમની ધવલ સેના સાથે ભારતના ગુજરાત રાજ્યની પાવન ભૂમિ પર વિચરણ કરી રહ્યા છે. ગુજરાત રાજ્યનો કચ્છ જિલ્લો પુંજ્યચરણોથી લાંબા સમયથી પાવનતા પ્રાપ્ત કરી રહ્યો છે. બુધવારના પ્રાતઃકાળે સૂર્યોદય પછી મહાતપસ્વી આચાર્યશ્રી મહાશ્રમણજી તેમની ધવલ સેના સાથે રામવાવથી મંગલ પ્રસ્થાન કર્યું હતુ. વધતી ગરમીનો પ્રભાવ લોકોને સ્પષ્ટ રૂપે અનુભવાતા જોવા મળ્યો હતો. આકાશમાં ગતિશીલ સૂર્યની કિરણો હવે સૂર્યોદય પછી થોડી જ વારમાં ધરતીને ગરમ કરવા લાગી છે. વધતી ગરમી જ્યાં સામાન્ય લોકોને પરેશાન કરવા લાગી છે, ત્યાં શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજી તેમના સમત્વભાવ સાથે અવિરત જનકલ્યાણ માટે ગતિમાન છે. તેઓ આશરે ૧૧ કિમીનો વિહાર પૂર્ણ કરી ત્રંબો ગામમાં આવેલ શ્રી ત્રંબો સ્થાનકવાસી છ કોટિ જૈન સંઘના ભવનમાં પધાર્યા હતા. સંબંધિત લોકોએ ભાવભીનાં સ્વાગતથી તેઓને આવકાર્યા હતા.

શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજીએ પરિસરમાં આયોજિત મુખ્ય મંગલ પ્રવચન કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓને પોતાની અમૃતવાણી સંભળાવતા કહ્યું કે, જે જિન, વીતરાગ અને તીર્થંકરોએ ભય પર વિજય મેળવ્યો છે, એમને નમન. જે વ્યક્તિ કોઈપણ પ્રકારના ભયથી મુક્ત હોય, તે ખૂબ સુખી થઈ શકે છે. જે સંપૂર્ણપણે અભય બની જાય, તેને મરણ, રોગ, અપમાન, અંધકાર કે અન્ય કોઈપણ પ્રાણીને લઈને ભય રહેતો નથી. જો કોઈ સંપૂર્ણપણે અભય બની જાય, તો તે સુખના એક નવા આયામને પ્રાપ્ત કરી શકે છે. ડરવું નબળાઈ છે તો ડરાવવું પણ ખોટી વાત છે.માણસે પોતે ન ડરવું જોઈએ અને કોઈને પણ ડરાવવાથી બચવું જોઈએ. અભય થવા માટે એક પાસું છે - પોતે ન ડરવું, અને બીજું પાસું છે - બીજાને ન ડરાવવું. જો આ બંને બાબતો પરાકાષ્ઠા સુધી પહોંચી જાય, તો અભયની પરિપૂર્ણતા પ્રાપ્ત થઈ શકે. માણસની અંદર મોહ, આસક્તિ અને પદાર્થો પ્રત્યેનું આકર્ષણ હોય, તો તેને વિયોગનો ભય થઈ શકે. જ્યાં મોહ છે, રાગ છે, મમત્વ છે, ત્યાં ભય હોઈ શકે. તેથી, માણસે કોઈને ડરાવવું નહીં અને પોતે પણ કોઈથી ડરવું નહીં, જેથી અહિંસાની ભાવના પરિપૂર્ણ બની શકે. કોઈપણ પ્રાણીને બિનજરૂરી ભય ન બતાવવો જોઈએ. વ્યક્તિએ શાંતિ અને સમત્વમાં રહેવા પ્રયત્ન કરવો જોઈએ. જો માણસ અનાવશ્યક હિંસાથી બચવાનો પ્રયત્ન કરે, તો તેની અંદર અહિંસાની ચેતના વધુ મજબૂત થઈ શકે છે અને અભયભાવ પણ વધુ પુષ્ટ બની શકે છે. ગૃહસ્થોએ પણ અનાવશ્યક હિંસાથી બચવાનો પ્રયત્ન કરવો જોઈએ. પાણીનો અપવ્યય અટકાવવા પ્રયત્ન કરવો જોઈએ. જો અભયભાવ અને પ્રાણીઓ પ્રત્યે મિત્રભાવ હોય, તો અહિંસાની ચેતના વધુ બળવાન બની શકે. કચ્છ પ્રદેશના લોકોના જીવનમાં ત્યાગ, ધર્મ અને અધ્યાત્મ વધુ પોષાઈ રહે, લોકો પોતાની આધ્યાત્મિક સંપત્તિ વધારતા રહે. આચાર્યશ્રી મહાશ્રમણજીએ તેમના મંગલ પ્રવચન દ્વારા આ આશીર્વાદ આપ્યા. આ અવસરે ત્રંબો ઓસવાલ સમાજ અને જૈન સંઘના અધ્યક્ષ શ્રી લખમસીભાઈ ગાલાએ આચાર્યશ્રીના મંગલ પદાર્પણને લઈ પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આચાર્યશ્રીએ સૌને મંગલ આશીર્વાદ આપ્યા હતા.આચાયશ્રી સાથે વિચરણ કરી રહેલા અનેક સાધુ સાધ્વી તથા સમણી ભગવંતોની ધવલ સેનાની સાથે મર્યાદા મહોત્સવ વ્યવસ્થા સમિતિના કન્વીનર કે.કે. સંઘવી તેમજ ભુજના માર્ગદર્શનમાં તેરાપંથ સંઘ, યુવક પરિષદ, મહિલા મંડળ તથા અણુવ્રત સમિતિના સદસ્યો વિગેરે સેવા અને વ્યવસ્થા સંભાળી રહ્યા છે તેવું મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું.

# છેર મોટી ખાતે સિમેન્ટ લિમિટેડે નોકરીઓના સર્જન સાથે રૂા.૨૨૨૩ કરોડના રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

ભુજ : સિમેન્ટ લિમિટેડ ગુજરાતના કચ્છ જિલ્લામાં લખપત તાલુકાના છેર મોટી ગામ ખાતે તેનો પ્રથમ ઈન્ટિગ્રેટેડ સિમેન્ટ પ્લાન્ટ ઊભો કરવા જઈ રહી છે જેની ક્લિંકર ઉત્પાદન ક્ષમતા ૨.૬૫ મિલિયન ટીપીએ અને સિમેન્ટની ક્ષમતા ૪.૫૭ મિલિયન ટીપીએ રહેશે. આ ક્ષમતામાં ૨૫ મેગાવોટ કેપ્ટિવ પાવર પ્લાન્ટ અને ૨૩ મેગાવોટ વેસ્ટ હીટ રિકવરી સિસ્ટમ સમાવિષ્ટ હશે જેથી વીજ ઉત્પાદન માટે કાર્યક્ષમ રીતે એક્ઝોસ્ટ ગેસનો ઉપયોગ કરી શકાય અને ગ્રીડ પાવર પરની નિર્ભરતા ઘટાડી શકાય. કંપની આ પ્રોજેક્ટમાં લગભગ રૂ. ૨,૨૨૩ કરોડનું રોકાણ કરી રહી છે.

પર્યાવરણીય મંજૂરી પ્રક્રિયાના અંગે જાહેર સુનવણીના ભાગરૂપે પ્રોજેક્ટ કામગીરીના તબક્કા દરમિયાન આશરે ૮૦૦ લોકોને સીધી રોજગારી અને બાંધકામ તબક્કા દરમિયાન લગભગ ૨,૦૦૦ કોન્ટ્રાક્ટ કામદારો માટે પરોક્ષ રોજગારીનું સર્જન કરશે તેવી અપેક્ષા છે. તેનાથી સ્થાનિક સમુદાયોને નોંધપાત્ર ફાયદો થશે કારણ કે સ્થાનિકોને તેમની કુશળતા, લાયકાત, અનુભવ અને યોગ્યતાના આધારે પ્રાથમિકતા આપવામાં આવશે, જેથી કંપનીના કર્મચારીઓમાં તેમની ક્ષમતાઓ સાથે મેળ ખાતી હોય તેવી ભૂમિકાઓમાં તેમનું એકીકરણ સુનિશ્ચિત થઈ શકે. નખત્રાણાના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સુસ્મિતા એસ. એપ્પલાપલ્લી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના કચ્છ વેસ્ટના રિજનલ ઓફિસર એન.પી. ચૌધરીની પેનલની અધ્યક્ષતામાં જાહેર સુનાવણી યોજાઈ હતી. આ સુનાવણીમાં સ્થાનિક હિસ્સેદારો, સરકારી અધિકારીઓ, કંપનીના પ્રતિનિધિઓ અને પર્યાવરણીય સલાહકારોએ હાજરી આપી હતી. વધુમાં ટ્રાન્સપોર્ટર્સ, સર્વિસ પ્રોવાઈડર્સ અને સ્થાનિક સાહસો માટે વ્યવસાયિક તકો ખુલશે, જે પ્રદેશની આર્થિક ઈકોસિસ્ટમને ટેકો આપશે. આ પ્લાન્ટ કર અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા રાજ્ય અને કેન્દ્રની આવકમાં પણ નોંધપાત્ર યોગદાન આપશે.

સુનાવણીમાં સિમેન્ટના અધિકારીએ જણાવ્યું હતું કે, "ગુજરાત લાંબા સમયથી ઔદ્યોગિક વિકાસનું કેન્દ્ર રહ્યું છે અને રાજ્યમાં શ્રી સિમેન્ટનો પ્રવેશ આર્થિક વિકાસ અને રોજગાર સર્જન પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. ઉપરાંત, પર્યાવરણીય રીતે જવાબદાર કામગીરી માટે કંપની હવા, પાણી અને જમીન પર કોઈપણ પ્રતિકૂળ અસરને ઘટાડવા માટે અત્યાધુનિક પ્રદૂષણ નિયંત્રણ પગલાં અમલમાં મૂકશે. વધુમાં સમજાવ્યું હતું કે "પ્લાન્ટ ડ્રાય-પ્રોસેસ ટેકનોલોજીનો ઉપયોગ કરશે, જેથી પ્લાન્ટની કામગીરીમાંથી ગંદા પાણીનું ઉત્પાદન ન થાય. સિન્થેટિક જીપ્સમ અને મિલ સ્પ્રેની ઉત્પાદન પ્રક્રિયામાં આરઓ રિજેક્ટ વોટરને રિસાયકલ કરવામાં આવશે અને ઘરેલુ ગંદા પાણીને ગ્રીનબેલ્ટ ડેવલપમેન્ટ અને ડસ્ટ સપ્રેશન માટે ટ્રીટ કરીને ફરીથી ઉપયોગમાં લેવામાં આવશે. પાણીની ગુણવત્તાનું નિયમિત નિરીક્ષણ કરવામાં આવશે અને સ્થાનિક સમુદાય માટે પાણીને બચાવવા અંગે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. બાયોડિગ્રેડેબલ કચરાને ઓર્ગેનિક ખાતરમાં રૂપાંતરિત કરવામાં આવશે, જ્યારે નોનબાયોડિગ્રેડેબલ કચરાને રિસાયકલ કરવામાં આવશે. બાંધકામના કચરાને રસ્તાના કામ અને સાઈટ લેવલિંગ માટે ફરીથી ઉપયોગમાં લેવામાં આવશે.

કંપની લખપત તાલુકા અને કચ્છ જિલ્લામાં શિક્ષણ, હેલ્થકેર, મહિલા સશક્તિકરણ, કૌશલ્ય વિકાસ અને માળખાગત વિકાસમાં રોકાણ કરશે. કામના સ્થળે સલામત અને સ્વસ્થ માહોલ માટે કંપની નિયમિત આરોગ્ય તપાસ હાથ ધરશે અને કામના સ્થળે કડક સલામતીના પગલાં અમલમાં મૂકશે.નવા પ્લાન્ટ સાથે સિમેન્ટ રાજસ્થાન, છત્તીસગઢ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને યુએઈમાં તેના હાલના ક્લિંકર મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ઉપરાંત, તેની ઔદ્યોગિક હાજરીને વધુ મજબૂત બનાવે છે. કંપની સમગ્ર ભારતમાં સ્પ્લિટ ગ્રાઈન્ડીંગ યુનિટ્સનું સંચાલન પણ કરે છે અને તેની કુલ સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા ૫૬.૪ એમટીપીએ છે, જે સૌર, પવન અને ડબ્લ્યુએચઆરએસ પાવર ઉત્પાદનમાં રિન્યૂએબલ એનર્જી રોકાણો દ્વારા સમર્થિત છે.

### રામકૃષ્ણ શારદા સેવાશ્રમ અંજારને અમુલ્ય યોગદાન



કુસુમબેન છોટાલાલ ઠક્કર , નવીન છોટાલાલ ઠક્કર તરફથી પિતા છોટાલાલ ઠક્કરની યાદ ગીરી રૂપે ૧૦૦૦૦ /- રામકૃષ્ણ શારદા સેવાશ્રમ અંજારને અમુલ્ય યોગદાન મડે છે. જુદી માનવસેવા કીયપવૃતિ દૈનિક સાજે મેડિકલ સેવામાં શારદા દવાખાનુ તથા વિધાર્થીને ફ્રી ટ્યુશન ક્લાસની પ્રવુતિ માટે તથા જરૂરત મંદોને દર માસે રાશનકીટ વિતરણ તથામાં શારદા ફીઝીયોથેરપી કેન્દ્ર જેવા વિવિધ પ્રકલ્પો રામકૃષ્ણ મિશનના માનવ સેવા એજ પ્રભુ સેવા ઉદેશ્યથી રામકૃષ્ણ શારદા સેવાશ્રમ પ્રાથના કેન્દ્ર અંજાર તરફથી ચલાવવામાં આવે છે જેમાં આર્થીક અમુલ્ય યોગદાન જરુરત મંદોના સેવા છે.આ પ્રસંગે સંસ્થાના મેનેજર દેવેન્દ્રભાઈ રાવલ અને નયનાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા વતી આ પ્રસંગે સુરેશ છાયાએ દાતા પરીવારનો સંસ્થા દ્વારા થતી સેવા કીયપવુતિમાં આર્થીક યોગદાન આપવા બદલ આભાર માન્યો હતો.

**શ્રી મચ્છુ કઠિયા સઈ સુતાર જ્ઞાતિ -અંજાર**
**(ટ્રસ્ટ રજી. નં ૪૨૯/એ - કચ્છ)**

જાહેરાત

આથી જ્ઞાતિ ના સર્વે સભ્યોને જણાવવાનું કે જ્ઞાતિની વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦/૦૩/૨૦૨૫, રવિવાર ના સાંજે ૫:૩૦ કલાકે જ્ઞાતિની સમાજવાડી જન્મોત્રી સોસાયટી મધ્યે મળશે સર્વે ને હાજર રહેવા વિનંતી છે.

::: એજન્ડા :::

(૧) વર્ષ ૨૩-૨૪ નો ઓડિટ રિપોર્ટ રજૂઆત
(૨) વર્ષ ૨૪-૨૫ નો વાર્ષિક હિસાબો રજૂઆત તથા બહાલી
(૩) ચૈત્ર - ૮ ની ઉજવણી અંગે ચર્ચા વિચારણા
(૪) પ્રમુખ સ્થાને થી જે રજૂઆત થાય તે ચર્ચા વિચારણા

| જગદીશ એમ. ધામેચા | જયેશ રસિકલાલ પીઠડીયા | પ્રદીપ દેવજીભાઈ ગોહિલ |
|---|---|---|
| ખજાનચી | મંત્રી | પ્રમુખ |

# માધાપર જુનાવાસમાં પંચાયતની લાપરવાહીથી ગ્રામજનો અંધકારમાં ગરકાવ

**પંચાયત પર ૮૪ લાખનું બીલ બાકી હોતા પીજીવીસીએલએ કનેકશન કટ કરી કર્યું અંધારપટ્ટ**

ભુજ : માધાપર એટલે એશિયાનું નંબર વન ગામ ધનિક કહેવાય છે. આ ગામની હાલત પંચાયતની લાપરવાહીના કારણે ગ્રામજનોને અંધકારનો સામાનો કરવાનો વારો આવ્યો છે. છેલ્લા પાંચથી સાત દિવસ થયા પીજીવીસીએલ તરફથી આખા જૂનાવાસની તમામ રોડ લાઈટો બંધ કરી નાખવામાં આવી છે તેનું કારણ એ દર્શાવવામાં આવેલ છે કે જુનાવાસ પંચાયતનો ૮૪ લાખ રૂપિયાનું બિલ બાકી છે. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા આઠવલેની પાર્ટીના રાષ્ટ્રીય સચિવ રાજેન્દ્ર ટાંકે જણાવ્યું હતું કે, ગામની હાલત ખૂબ જ છેલ્લા દસ વર્ષથી ખરાબ થતી જાય છે તે માટે છેલ્લા દસ વર્ષ થયા બિલ ભરાતું નથી અને અત્યાર સુધીમાં ત્રણ વખત જુનાવાસના સરપંચ બદલાઈ ચૂકેલા છે. હાલના જે સરપંચ છે ૨૦૨૨માં સીટ સંભાળી છે તે સરપંચે જૂનું અને નવું વીજળીનું બિલ કટકે કટકેથી ૨૦ લાખ રૂપિયા ભરી દેવામાં આવેલ છે. જૂની ચરત રકમ ૫૪ લાખ હતી ૨૯ લાખ વ્યાજ લગાવવામાં આવેલ એમ મળીને ટોટલ ૮૪ લાખ રૂપિયા બાકી રહી ગયેલ હાલના સરૂપંચ જેમ તેમ જેમ જેમ કરી અને થોડા થોડા રૂપિયા પીજીવીસીએલ કંપનીમાં જમા કરાવે છે પરંતુ જૂના બે સરપંચના કારણે આટલું મોટું બિલ ચડી ગયેલ અને એક સરખું અત્યારે આટલું મોટું બિલ કેવી રીતનું ભરી શકાય જે અશક્ય થઈ બને છે. પીજીવીસીએલના અધિકારીની ભૂલના કારણે અત્યારે જૂનાવાસ માધાપરની આમ પ્રજા ભોગ બની રહી છે કારણ એ છે કે ૨૦૧૬થી વીજળીનું બિલ ચડત આવેલું છે. તો તે બિલ દર વર્ષે જે તે પંચાયતના જવાબદાર સરપંચ ૨૦૧૬થી ૨૦૨૨ સુધીના સરપંચોએ વીજળી બિલ ભરવાની તકેદારી રાખી હોત તો આ પરિસ્થિતિ ન થાત તેવું કહ્યું હતું. પીજીવીસીએલ તંત્ર દ્વારા જે તે સમયના સરપંચ પાસે ઉઘરાણા કર્યા હોત તો હાલના સરપંચને આ ભોગવવાનો વારો ન આવત અને તેમને ખોટી રીતે હેરાન કરવામાં પરેશાન કરવામાં આવે છે, જે વ્યાજબી નથી જણાતું તથા જુનાવાસ માધાપર પંચાયતના તલાટી જેઓ કાયમી પણ નથી તેના કારણે જૂનાવાસના ખૂબ જ વેરા બાકી રહી ગયેલ છે. ઉઘરાવવા માટે પણ કોઈ જતું નથી. લોકોએ પણ થોડો ઘણો સાથ આપવાની જરૂર છે જેથી જૂનાવાસ પંચાયતનું વીજબીલ ભરી શકાય તેમ છે. વધુમાં જણાવ્યું હતું કે, પીજીવીસીએલના જવાબદાર અધિકારી છેલ્લા દસ વર્ષથી કેવી રીતના બેદરકાર રહ્યા તે પણ એક તપાસનો વિષય છે. અધિકારી ઉપર તપાસ થવી જોઈએ તેવું રાજેન્દ્ર ટાંકે જણાવ્યું હતું. આજે ગુજરાત ખૂબ જ સારી રીતે આગળ વધી રહ્યું છે ગુજરાતની પ્રજાનો સરકારને ખૂબ જ સપોર્ટ છે. તો જુનાવાસની પ્રજાએ પણ જુનાવાસ પંચાયત અને સપોર્ટ કરી વહેલી તકે પંચાયતનો વેરો પંચાયતમાં જમા કરાવી દેવો જોઈએ. સરપંચ સાથે વાત થયા મુજબ દસ લાખ રૂપિયા ભરવા તૈયાર હતા. તો પણ પીજીવીસીએલના અધિકારીએ ચાલુ કરવાની ના પાડી તેનું શું કારણ સાર્વજનિક લોકોને ખોટી રીતે હેરાન થઈ રહી છે. રાત્રે અંધારામાં ઉંમર વાળા માણસો બહાર નીકળી શકતા નથી. અંધારામાં કોઈ અકસ્માત થાય અને પાંચ છ દિવસ સાર્વજનિક રસ્તાઓની લાઈટ બંધ રહે એ સરકાર માટે ખોટા મેસેજ જાય છે. જુનાવાસ પંચાયતના અંદરો અંદરના ડખાના કારણે લોકોને ભોગવવું પડી રહ્યું છે.

# ગાંધીધામમાં બાળશ્રયોગીઓને કામે રાખનાર સંસ્થા વિરૂદ્ધ કાર્યવાહી

ગાંધીધામ : જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ મદદનીશ શ્રમ આયુક્ત કચેરી, ગાંધીધામ-કચ્છ અને બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી ટાસ્કફોર્સ કમિટીના સભ્યો દ્વારા ગાંધીધામ ખાતે સઘન તપાસ હાથ ધરાઈ હતી, જેમાં ૧ બાળ શ્રમયોગી અને ૧ તરૂણ શ્રમયોગીઓને કામે રાખેલ એક સંસ્થા વિરૂદ્ધ લેબર ઓફિસર ગાંધીધામ દ્વારા ચાઈલ્ડ લેબર એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી અને સંસ્થા વિરૂદ્ધ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે એફઆઈઆર દાખલ કરાવી હતી. લેબર ઓફિસર અને કમિટીના સભ્યો દ્વારા ગાંધીધામ ખાતે બાળ અને તરૂણ શ્રમયોગી એક્ટની સમજ આપવામાં આવી હતી અને બાળકોને કામે ન રાખવા માટે સમજાવામાં આવ્યા હતા. ભવિષ્યમાં જો આ કાયદાનો ભંગ કરવામાં આવશે તો કડક કાયદાકીય કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી.

### રાપરના રવેચી માતાજી ચોકનું નામ બદલવાનો ઠરાવ રદ્દ કરવા માંગ

રાપર : શહેર સુધરાઈની સામાન્ય સભામાં રવેચી માતાજી ચોક (દેના બેંક ચોક) નું નામ બદલી અન્ય નામ રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

આ ઠરાવ રદ્દ કરવા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા નગર સેવા સદનના પ્રમુખ ચાંદકુમાર ઠક્કરને રજૂઆત કરવામાં આવી છે. શહેરના દેના બેંક ચોકનું નામ રાપર નગરપાલિકા દ્વારા બદલી રવેચી માતાજી ચોક કરવામાં આવ્યું હતું. આ નામ બદલવાનો ઠરાવ યોગ્ય નથી. ક્ષત્રિય સમાજના કુળદેવી તેમજ કચ્છ-વાગડ અને ગુજરાતના લોકોને રવેચી માતાજી પ્રત્યે શ્રદ્ધા અને લાગણી છે. આ જગ્યાનું નામ બદલવાથી શ્રદ્ધાળુઓની લાગણીને ઠેસ પહોંચશે. જેથી ચોકનું નામ બદલવાનો ઠરાવ રદ્દ કરવા માંગ કરાઈ હતી. જો ઠરાવ રદ્દ ન થાય તો લોક તાંત્રિક ઢબે વિરોધ કરવાની ચિમકી કોંગ્રેસે ઉચ્ચારી હતી.

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**



**પરમ પૂજ્ય સ્વ. વિજયાબા ગગુભા જાડેજા**

ગામ (વડાળી), હાલ ભચાઉ-કચ્છ. સ્વ. તા. ૨૫-૦૩-૨૦૨૫

સૌના હૃદયમાં હંમેશાં માટે છાપ છોડી છે, જે આવનારી પેઢી હંમેશાં યાદ રાખશે, પૂજ્ય બાનું જીવન હંમેશાં આપણને માર્ગદર્શન આપશે, બાને અમારા શ્રદ્ધાપૂર્ણ નમન...

જાડેજા પરિવાર

- હિતુભા ગગુભા જાડેજા (પુત્ર)
- અનિરુદ્ધસિંહ ગગુભા જાડેજા (પુત્ર)
- અશ્વિનસિંહ ગગુભા જાડેજા (પુત્ર)
- અભિરાજસિંહ હિતુભા જાડેજા (પૌત્ર)
- પ્રતિપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (પૌત્ર)
- વિશ્વરાજસિંહ અશ્વિનસિંહ જાડેજા (પૌત્ર)

ઉત્તરક્રિયા

વિજયાબા ગગુભા જાડેજા ગામ (વડાળી), હાલ ભચાઉ - કચ્છ, સ્વ. તા. ૨૫/૦૩/૨૦૨૫ મંગળવાર અગીયારસના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

તેમની ઉત્તરક્રિયા ૩૧/૦૩/૨૦૨૫ સોમવાર ચૈત્ર સુદ બીજના રોજ નાવી ભચાઉ, રામેશ્વર મંદિરની સામે, ભચાઉ-કચ્છ મુકામે રાખેલ છે.

અશ્વિનસિંહ ગગુભા જાડેજા - 97255 35953

**ખૂબ ખૂબ અભિનંદન**



ચેરમેનશ્રી (શ્રી વલમજીભાઈ હુંબલ)
વાઈસ ચેરમેનશ્રી (શ્રી મોતીભાઈ ભરવાડ)

કચ્છ જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થા "સરહદ ડેરી" માં સર્વાનુમત્તે બિનહરીફ નિમણુંક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

::: શુભેચ્છકો :::

- વારોત્રા ત્રિકમ કરમણ (ઢોરી મંડળી)
- જાડેજા હઠુસિંહ ભાણજી (લોરીયા મંડળી)
- વાલજી રાણાભાઈ ચાડ (કોટાય મંડળી)
- હરીભાઈ શામજીભાઈ ડાંગર (ખેંગારપર મહિલા મંડળી)
- છાંગા ગોપાલ રૂપાભાઈ (નોખણીયા મંડળી)
- દામજી હીરાભાઈ ખાસા (રાધે કુષ્ણ મંડળી-સરસપર)
- હરિભાઈ લખમણભાઈ બતા (રૂદ્રમાતા મંડળી)
- ભુપેન્દ્રસિંહ હમીરજી સોઢા (ઝૂરા કેમ્પ મંડળી)
- માનસિંહ વેલુભા જાડેજા (ઝૂરા મંડળી)
- ડાંગર ધનજી લખમણ (લોડાઈ મંડળી)

**માંડવી નગરપાલિકા**
**માંડવી-કચ્છ**
**વાર્ષિક ટેન્ડર જાહેરાત**

(પાંચમો પ્રયત્ન)

આથી લાગતા વળગતા ઈજારદારો, વેપારીઓ, દુકાનદારોને સદર ટેન્ડર નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે માંડવી નગરપાલિકા જુદા જુદા વિભાગો માટે સન ૨૦૨૫-૨૬ માટેના વાર્ષિક કામો અંગેના ભાવ મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિભાગવાઈઝ કામની વિગત | ટેન્ડર ફી | ડીપોઝીટ |
|---|---|---|---|
| (ક) | પાણી પુરવઠા વિભાગ | | |
| ૧. | માંડવી નગરપાલિકા સંચાલિત પાણી યોજના હસ્તકના ટયુબવેલની સંપૂર્ણ સફાઈ | ૩૦૦/- | ટેન્ડર ફોર્મ મુજબ |
| ૨. | આપતિ સમયે જનરેટર સેટ ભાડે આપવા અંગેના પ્રતિ દિવસના ઓપરેટર સાથેના ભાવ આપના લેટરપેડ પર | - | ૨૦૦૦/- |
| (ખ) | સેનિટેશન વિભાગ | | |
| ૧. | સેનિટેશન વિભાગ માટે જરૂરી સફાઈના સાધનો અંગેના ભાવ | ૩૦૦/- | ટેન્ડર ફોર્મ મુજબ |
| ૨. | માંડવી નગરપાલિકાના જુદા જુદા વાહનો રીપેરીંગ/ટાયર/બેટરી અંગેના ભાવ | ૩૦૦/- | ટેન્ડર ફોર્મ મુજબ |
| ૩. | માંડવી નગરપાલિકા વિસ્તારમાં રખડતા ભુંડ પકડી નગરપાલિકા દ્વારા જણાવેલ સ્થળ પર મુકવાના ભાવ એક નંગના (પોતાના લેટરપેડ ઉપર) | - | ૨૦૦૦/- |
| ૪. | આપતિ સમયે ડી-વોટરીંગ પમ્પ ભાડે આપવાની કામગીરી (એક અંગ પ્રતિ દિવસ ઓપરેટર સાથેના ભાવ લેટરપેડ ઉપર) | - | ૨૦૦૦/- |
| ૫. | આપતિ સમયે જે.સી.બી., લોડર, હિટાચી, ટ્રેક્ટર વિગેરે સાધન ભાડેથી આપવા (એક નંગ પ્રતિ દિવસ ડ્રાઈવર સાથેના ભાવ લેટરપેડ ઉપર) | - | ૨૦૦૦/- |
| ૬. | શહેરમાં જાહેર રોડ પર રખડતા ઢોર પકડવાની કામગીરી અંગેના ટ્રેકટર વાહન તથા ટીમ સાથે ઢોર જીવ ૧ને પકડી જણાવ્યા સ્થળે મુકવાના ભાવ (પોતાના લેટરપેડ ઉપર) | - | ૨૦૦૦/- |
| ૭. | કચરાપેટી, કન્ટેઈનર રીપેરીંગ કરવાના કામે લોખંડ પ્લેટ ફૂટ ૧ તથા પ્લેગ ગેલ્વેનાઈઝના ભાવ તથા વેલ્ડીંગ્સના ભાવ તેમજ ૪.૫ ક્યુબીક મીટર કન્ટેઈનર નંગ-૧ સપ્લાય કરવા કામના ભાવ (પોતાના લેટરપેડ ઉપર) | - | ૨૦૦૦/- |
| ૮. | લોખંડની ઝારીવાળી કચરાપેટી તથા ૪*૩ બોક્ષ કચરાપેટી (પ્રતિ નંગ-૧ના ભાવ) અને નગરપાલિકાની અલગ અલગ સાઈઝના ટ્રેક્ટર ટ્રોલી જનરલ રીપેરીંગના નંગ-૧ના ભાવ (પોતાના લેટરપેડ પર) | - | ૨૦૦૦/- |
| ૯. | માંડવી શહેરમાં આવેલ તમામ વરસાદી નાલા સફાઈ કામગરી (ત્રીજો પ્રયત્ન) | ૩૦૦/- | ૫૦૦૦/- |
| ૧૦. | ફાયર બ્રિગેડ માટે જરૂરી સાધન સામગ્રી ખરીદી (ચોથો પ્રયત્ન) | ૩૦૦/- | ૨૦૦૦/- |
| ૧૧. | માંડવી નગરપાલિકા હસ્તકની ટ્રોલી રીપેરીંગની કામગીરી (લેટરપેડ ઉપર) (પ્રથમ પ્રયત્ન) | - | ૨૦૦૦/- |
| (ગ) | બાંધકામ વિભાગ | | |
| ૧. | સિમેન્ટ, રેતી, કપચી, સી.સી. બ્લોક વગેરે બાંધકામ મટીરીયલ્સ પુરા પાડવાના કામ (લેટરપેડ ઉપર) | - | ૨૦૦૦ |
| ૨. | જર્જરીત મકાન ઉતારી પાડવા કામ તથા તેમાંથી નીકળતો મલબો તથા વગેરે મટીરીયલ્સ નગરપાલિકાની સૂચના મુજબ સ્થળ પર પહોંચાડવા સાથેના ૧ ચો. ફૂટના ભાવ (ભાવ લેટરપેડ પર) | - | ૨૦૦૦ |
| ૩. | કચેરીની માલિકીના મકાનો, ઘાટ, બગીચા, ટ્યુબવેલ વગેરે પર જુદા જુદા રીપેરીંગ કામ અંગે (ટેન્ડર ફોર્મ મુજબ) | ૩૦૦/- | ટેન્ડર ફોર્મ મુજબ |
| ૪. | ઓઈલ પેન્ટ, ડીસ્ટેમ્બર વગેરે કલર સપ્લાય કરવા અંગે (લેટર પેડ ઉપર) | - | ૨૦૦૦ |
| ૫. | જુદી જુદી જગ્યાએ બાકડા રીપેરીંગ કામ તથા નવા બાકડા સપ્લાય કામ | ૩૦૦/- | ટેન્ડર ફોર્મ મુજબ |
| ૬. | કચેરી માટે ટેબલ , ખુરશી વગેરે ફર્નિચર સપ્લાય કરવા અંગે (લેટર પેડ ઉપર) | - | ૨૦૦૦ |
| ૭. | બગીચાના સાધન રીપેરીંગ તથા પરચુરણ કામ | ૩૦૦/- | ટેન્ડર ફોર્મ મુજબ |

શરતો :-
૧. અત્રેની કચેરીથી કોરા ટેન્ડરો જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૦૭ (રજાના દિવસો સિવાય) સુધીમાં સાંજના ૬.૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે.
૨. ડોક્યુમેન્ટ સબમીશન તથા લેટરપેડ પર ભાવો ફક્ત આર.પી. એડી/સ્પીડ પોસ્ટથી ચીફ ઓફિસર માંડવી નગરપાલિકા માંડવી-કચ્છને જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ (રજાના દિવસો સિવાય) સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.
૩. ટેન્ડર સ્વીકાર/અસ્વીકાર કરવાની આખરી સત્તા નગરપાલિકાની રહેશે.

જા.નં.૧૭૧૪/૨૪-૨૫
તા.૨૫/૦૩/૨૦૨૫

મુખ્ય અધિકારી
માંડવી નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૧૩૪૧/૨૦૨૪-૨૫)

# છે ને ચમત્કારને જ નમસ્કાર : અબડાસાના એમએલએ પ્રદ્યુમનસિંહભાઈની દહાડપૂર્વકની રજુઆતની અસર : પ.કચ્છ ખાણખનિજ વિભાગનું લેવાયું પુછાણું



**અબડાસા મતવિસ્તારમાં ઠેર-ઠેર ખનીજચોરો બેફામ બનેલા છે, જિલ્લા સંકલનની બેઠકમાં અને તે બાદ અબડાસાના ધારાસભ્યશ્રીએ વિધાનસભા ગૃહના બજેટ સત્ર દરમ્યાન પણ પ્રશ્ન પુછતા પશ્ચીમ કચ્છ ખાણખનિજ વિભાગે વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં કરેલી કામગીરીનું રજુ કર્યુ સરવૈયુ**

## રાત્રે ચોરી પણ તપાસ કે, દરોડા દિવસે : પછી નિલ જ આવે...

ગાંધીધામ :અબડાસા અને લખપત તાલુકાના જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં મોટા ભાગે રાત્રીના સમયે ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ ધમધમતી હોય છે. આધુનિક મશીનોના સહારે મોટા પ્રમાણમાં ખનન કરવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા થતી આકસ્મિક તપાસ મોટાભાગે દિવસ દરમ્યાન જ થતી હોવાથી તંત્રની ટીમને સ્થળ પરથી ખાસ કંઈ મળી આવતું નથી. રાત્રી દરમ્યાન જ ખનીજ ચોરો પોતાનો માલ સગેવગે કરી લેતા હોવાથી તંત્રને તપાસ માટે ફોગટના ફેરા થાય છે. તાજેતરમાં ખાણ ખનીજનો ફલાઈગ સ્કોર્ડ રાત્રે દરમ્યાન અબડાસાના ખીરસરામા રેડ કરીને સફળતા મળી.

## આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરીને સર્વે હાથ ધરાય

ગાંધીધામ :પશ્ચિમ કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં ખનીજ ચોરીના દુષણને તંત્ર દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. આધુનિક ડ્રોન કેમેરા જેવા ઉપકરણો અને સેટેલાઈટની મદદથી સર્વેક્ષણ કરવામાં આવે તો તંત્રને તે મદદરૂપ બની શકે છે. વિસ્તારની દ્રષ્ટિએ પશ્ચિમ કચ્છ ખુબ મોટા ભુભાગમાં પથરાયેલો હોઈ ખનીજ ચોરો પર વોચ રાખવા તંત્રની ટીમો આધુનિક ટેકનોલોજી અપનાવે તે ઈચ્છનીય છે. હાલમાં અબડાસા, લખપત સહિત અનેક ગામોમાં વિવિધ ખનીજોનો ગેરકાયદેસર ખનન થયો છે તે ખનન કેટલો થયો છે તેનું પણ પચનામા સહિત ખાણ ખનીજની ટીમોને ખાસ રીપોર્ટ કાઢવો જોઈએ. જેમા ગામના સરપંચ, તલાટી સહિત વિવિધ અગ્રણીઓના પંચનામા સહિતની કામગીરીમાં સાક્ષી તરીકે રાખવા જોઈએ. હવે પછી કોઈ પણ ખનીજ ચોરી થાય તો અગાઉના કચ્છના કલેકટર પ્રવિણા ડી.કે.ના આદેશ મુજબ ગામની પણ જવાબદારી થાય તે રીતે જવાબદારી ફીકસ કરવી જોઈએ. અમુક ગામોમાં તો ગામના સરપંચ, તલાટી સહિત વિવિધ અગ્રણીઓ તંત્ર રજુઆત કરી જાણ કરી દેતા હોય છે પરંતુ અમુકમાં તો રજુઆત કર્યા પછી ફરી જતા હોય તેવા વ્યક્તિ ઉપર કડક નિયમોનો પાલન થાય તે જરૂરી છે.

## શક્તિશાળી મશીનોથી થઈ રહ્યું છે ખનન

ગાંધીધામ :પશ્ચિમ કચ્છના અબડાસા અને લખપત તાલુકાના ખનીજ માફિયાઓ હવે ખુબ જ શક્તિશાળી મશીનોની મદદથી રાત્રીના સમયે ખનન કરી રહ્યા છે. જાણકારો કહે છે કે ખનીજ ચોરો દ્વારા ઉપયોગમાં લેવાતા મશીનો એટલા પાવરફુલ હોય છેકે, એક મશીન દ્વારા ગણતરીના સમયમાં ૫૦ થી વધુ ગાડીઓ ભરાય તેટલું ખનીજ ખનન થતું હોય છે. પશ્ચિમ કચ્છમાં આવા અનેક મશીનો ધમધમતા હોવાનું જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે.

## ગુજરાતના રાજકીય ઈતિહાસમાં આવા કિસ્સાઓ ખુબ ઓછા બને છે

ગાંધીધામ : પ્રજાહિત સર્વોપરીની ભુમિકા ખુબજ ઓછા રાજકારણીઓ ભજવતા હોય છે પરંતુ કચ્છના અબડાસાના ધારાસભ્યશ્રી હાલમાં જે રીતે પ્રજાજનોના હિતમાં અવાઝ બુલંદ બનાવી રહ્યા છે તેની સરાહના થવા પામી રહી છે. આ તબક્કે અભિનંદન તો અબડાસાના ધારાસભ્યશ્રીને જ મળવા પામી રહ્યા છે કે, જેઓએ પ્રજાના હિતમાં પોતાની જ સરકારની સામે ખનીજચોરી બેફામ હોવાની હિંમતભરી રજુઆત કરી દેખાડી છે. આવા કિસ્સાઓ ગુજરાતના રાજકીય ઈતિહાસમાં ખુબ જ ઓછા બનતા હોય છે.

ગાંધીધામ : પ્રજાકીય પ્રતિનિધી જાગૃત હોય, પ્રજાભીખુતા ભરી કાર્યશૈલી ધરાવતા હોય તો ચોકકસથી તેનો ફાયદો આમપ્રજાજનો અને સરકાર બન્નેને થવા પામતો જ હોય છે. તેનો તાદશ દાખલો કચ્છના અબડાસાના હિમંતવાન ધારાસભ્યશ્રી પ્રદુમનસિંહ જાડેજાએ કરેલી રજુઆતમાં પણ જોવા મળી આવ્યો હોવાનુ પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે.

વાત સહેજ ફોડ પાડીને કરીએ તો અબડાસાના ધારાસભ્ય પ્રદુમનસીહ વરસોથી આમ પ્રજાજનોના સાચા સેવકની છબી ધરાવી રહ્યા છે. તેમની જીવન શૈલી ખુબજ સાદગી સભર છે. તેઓ સામાન્ય પ્રજાજનોની વચ્ચે સાદગીસભર ભાષામાં વિન્રમતા પૂર્વક વાતો કરતા જોવા મળી આવતા હોય તો બીજીતરફ એ જ પ્રજાજનો માટે પોતાના આક્રમત તેવર દેખાડતા પણ વાર ન કરે તેવી અનોખી ઓળખ ધરાવી રહ્યા છે.

આ જ છબી પ્રદુમનસિહની પાછલા અમુક સમયથી જોવા મળી આવી હતી. તેઓએ અબડાસા વિધાનસભા વિસ્તારમાં વકરેલી કેટલીક અસામાજીક બદીઓ બાબતે જિલ્લા સંકલનની બેઠકમાં પ્રશ્નો ઉપાડયા હતા જેમાં ઠેર-ઠેર દારૂની બદી તથા ખનીજ ચોરીના વકરેલા નેટવર્ક અને તેના લીધે આમપ્રજાજનો તથા સરકારની તિજોરીને થઈ રહેલા નુકસાન બાબતે છણાવટ કરી હતી. શ્રી જાડેજાએ સંકલનની બેઠકમાં આ બાબતે રજુઆત કર્યા બાદ તાજેતરમાં જ વિધાનસભાના ફલોર પર પણ ગૃહમાં ખનીજચોરીને લગતા પ્રશ્નો પુછયા હતા અને અબડાસા મતવિસ્તારમાં આ અંગે થેયલી કાર્યવાહીની માહીતીઓ માંગી હતી. શ્રી જાડેજાએ પુછેલતા આ પ્રશ્ન બાદ પશ્ચીમ કચ્છ ખાણખનિજ વિભાગને પણ સરકાર તબક્કેથી પુછાણુ આવી ગયુ હોવાની વિગતો સામે આવી રહી છે અને આ વિભાગે કરેલી કાર્યવાહીનું સરવેયુ પણ રજુ કરવાની ફરજ પડી હોવાનુ સામે આવવા પામી રહ્યું છે.

ભુસ્તરશાસ્ત્રી પશ્ચીમ કચ્છ-ભુજની કચેરી દ્વારા લેખિતમાં અપાયેલા પ્રત્યુતરમાં જણાવાયુ છે કે, તેઓની કચેરીની ટીમ દ્વારા સતત આકસ્મીક ચેકીગ કરી ખનીજનું બિનઅધિકૃત રીતે થતા ખનન-વહન-સંગ્રહના કેસો પકડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી જ રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં આ વિસ્તારમાં થયેલી કાર્યવાહીની આંકડાકીય માહીતીઓ પણ રજુ કરવામા આવી છે. જેમાં જણાવ્યા અનુસાર નખત્રાણામાં કુલ્લ ૧૫ કેસો કર્યા છે જેમાં ૫૦ ૪૯.૪ લાખની વસુલાત કરાઈ છે જયારે ૫.૮ લાખની વસુલાત નોટીસ ફટકારાઈ છે. આ વિસ્તારમાં એફઆરઆઈ બે કેસોમાં કરવમા આવી છે અને ૩૦ લાખ જેટલી વસુલાત હજુ બાકી છે, એ જ રીતે લખપત વિસ્તારમાં ૯ કેસ કરાયા છે જેમાં ૨૫.૫૮ વસુલાત કરાઈ છે જયારે ૧ કેસમાં રૂ. ૨૫.૮૮ લાખની વસુલાત માટે નોટીસ પાઠવેલ છે એફઆઈઆર બે કેસમાં થવા પામી છે જયારે કે ૨૭.૩૨ લાખની વસુલાત બાકી છે. તો અબડાસા વિસ્તારમાં વર્ષ દરમ્યાન કુલ્લ ૭ કેસ નોધાયા છે, જેમાં ૧૨.૪૨ લાખની વસુલાત થવા પામી છે તથા બે કેસમાં ૪૦.૬ લાખની વસુલાત માટેની નોટીસ ફટકારવામા આવેલી છે. એફઆઈઆર બે કેસોમાં થવા પામી છે અને અહી બાકી વસુલાત ૧૩૧.૩૪ લાખની બોલી રહી છે. એ જ રીતે વર્ષ ૨૦૨૩-૨૪માં થયેલી કામગીરીમાં નખત્રાણા વિસ્તારમાં કુલ્લ ૨૨ કેસો, ૩૨.૬૧ લાખની વસુલાત, લખપતમાં ચાર કેસો ૨૦.૬૬ લાખની વસુલાત, બે એફઆઈઆર તથા ૪૨.૩ લાખની વસુલાત બાકી જયારે કે અબડાસામાં ૨૧ કેસોમા ૫૦ લાખની વસુલાત કરાઈ છે, પાંચ કિસ્સાઓમાં એફઆઈઆર કરવામા આવી છે અને ૨૭૮.૩૬ લાખની રીકવરી કરવાની બાકી છે. ભુસ્તરશાસ્ત્રીએ આ તબક્કે ખાતરી સાથે જણાવ્યુ છે કે, આ વિસ્તારોમાં આકસ્મિક ચેકીંગ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને ભવિષ્યમાં પણ જો કોઈ ખનિજ ગેરરીતી થતી હોવાનુ સામે આવશે તો તેની સામે તાત્કાલીક ધોરણે પગલા ભરવમાં આવશે.

---

જામનગર - રાજકોટ - મુંબઈ **તપાસ**નો લંબાયો રેલો..!

# ગાંધીધામમાં પ્લાયવુડના અમુક વેપારીઓ પર ડીજીજીઆઈ(જીએસટી)ની ટીમના દરોડા..!

**પ્લાયવુડ-સેનેટરી ગુડસ-સીરામીક ઈન્ડસ્ટ્રીઝ પર ટીમોએ આદર્યુ સર્ચ : રાજકોટ, ગાંધીધામમાં ૧૦થી વધુ સ્થળોએ ક્રોસ વેરીફીકેશનનો ધમધમાટ : મોટી માત્રામાં દલ્લો મળવાની સંભાવના : જો કે, ગાંધીધામ જીએસટી એકમ આવી કાર્યવાહીથી છે અજાણ**

**જીએસટી વિજિલન્સની ટીમ દ્વારા સબંધિત પેટીઓની કચેરી, ગોડાઉન, રહેણાક સ્થળો સહિતનાઓમાં આદરી છાનબીન : કરચોરોમાં ફફડાટ**

ગાંધીધામ : માર્ચ એન્ડીંગનો સમય ચાલી રહ્યો છે ત્યારે પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર એવા ગાંધીધામ સંકુલમાં પણ વિવિધ એજન્સીઓ લક્ષ્યાકો પાર પાડવાની સાથે જ કરચોરી કરનારાઓ પર પણ તપાસનો ધમધમાટ તેજ બનાવી રહી છે. દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર પહેલા જામનગર અને તેની તપાસનો રેલો મુંબઈ લંબાયા બાદ હવે ડીજીજીઆઈની ટીમ દ્વારા ગાંધીધામ અને રાજકોટ સુધી આ તપાસનો રેલો લંબાયો હોવાની સ્થિતી સામે આવવા પામી રહી છે.

આ મામલે અંતરંગ વર્તુળોમાથી મળતી માહીતી અનુસાર ઘણા સમયથી ડાયરેક્ટર જનરલ ઓફ ગુડ એન્ડ સર્વિસ ટેક્સ (DGGI)ની ટીમ દ્વારા પ્લાયવુડ અને સિરામિક ઉપરાંત સેનેટરી ગુડ્સના વેપારીઓ પર વોચ રાખવામાં આવતી હતી. જેના આધારે DGGIની ટીમે રાજકોટ અને ગાંધીધામમાં ૧૦ સ્થળોએ દરોડાની કાર્યવાહી કરી છે. જેમાં સિરામિક, પ્લાયવુડ અને સેનેટરી ગુડ્સ સંકળાયેલા વેપારીઓનો સમાવેશ થાય છે. આ ધંધા સાથે સંકળાયેલા વેપારીઓના ૧૦ જેટલા સ્થળો જેમાં ફેક્ટરી, રહેણાક મકાન સહિત ઓફિસોમાં આ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.દરોડા દરમિયાન અધિકારીઓને કેટલાક વાંધાજનક દસ્તાવેજો અને પુરાવાઓ પણ મળ્યા હતા. ઉપરાંત દરોડા દરમિયાન ઈનપુટ ટેક્સ ક્રેડિટ અને જીએસટી ચોરીના પુરાવાઓ પણ મળ્યા હતા. જેના આધારે કરોડો રૂપિયાની ટેક્સ ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. હજી આવનારા દિવસોમાં તપાસ દરમિયાન મોટી કરચોરી સામે આવે એવી શક્યતાઓ દેખાઈ રહી છે. અધિકારીઓએ પ્રાથમિક તપાસમાં ૧૦ કરોડની કરચોરી શોધી કાઢી છે. હાલ તપાસ ચાલી રહી છે. અગાઉ પણ DGGIના અધિકારીઓએ જામનગરમાં મોટા પાયે દરોડા પાડીને કરચોરી શોધી કાઢી હતી. જ્યારે પેઢીના સંચાલકોની ધરપકડ કરી હતી. તે પછી પણ ત્રણ કેસ કર્યા હતા. ત્યારબાદ સેન્ટ્રલ એજન્સીઓએ અમદાવાદ, મુંબઈ અને નોઈડામાં દરોડા પાડીને મોટા પ્રમાણમાં કરચોરી શોધી કાઢી હતી. કચ્છ અને રાજકોટના વેપારીને ત્યાં ચાલી રહેલા દરોડા દરમિયાન તેમની સાથે સંકળાયેલા અમદાવાદના વેપારીઓ સુધી પણ તપાસનો રેલો પહોંચે તેવી સંભાવના છે .

---

હરિયાળા પંથકમાં પાણીના તળ ઊંડા : ક્ષારનું સામ્રાજ્ય બરકરાર

# નખત્રાણાના નગરજનોને નર્મદાના નીર મળે તો ન્યાલ થઈ જાય





**૧૬ બોર ધરાવતો નખત્રાણા નગર નર્મદાના પાણી માટે વલખા મારે છે : ઉનાળાના પ્રારંભે જ અમુક વોર્ડમાં પાણીનો પોકાર ઉઠ્યો : પાણી માટે વધુ ત્રણ બોરની માંગ નગરપાલિકામાં કરી છે : નબળી નેતાગીરીના પાપે નર્મદાના નીરથી નખત્રાણા વંચિત**

નખત્રાણા : હરિયાળા પંથકમાં જેની ગણના થાય છે તે નખત્રાણા નગરના પાણી એક સમય ડિમાન્ડ ધરાવતો હતો. પાટીદારની વસ્તી મુખ્યત્વે ધરાવતા આ નગરના વિકાસ અને વિસ્તાર સાથે વસ્તી પણ વધી અને નગરપાલિકા પણ મળી છે ત્યારે આ નગરમાં હજુ નર્મદાના નીર નથી મળ્યા તેના માટે નબળી નેતાગીરીને લોકો જવાબદાર ગણે છે. ૩૦ હજારની માનવ વસ્તી ધરાવતો અને ૨૦ હજારના પશુધન ધરાવતા આ નગરમાં ઉનાળાના પ્રારંભે જ અમુક પેટા એરિયામાં પાણીનો પોકાર ઉઠ્યો છે તો દુર્ગમ વિસ્તારમાં ઉનાળો કેવો પાણીનો રંગ બતાવશે તે રામજાણે. નખત્રાણાના પૂર્વ સરપંચો ડાયાલાલ સેંઘાણી, ચંદનસિંહ રાઠોડ સાથે ‘કચ્છ ઉદય’ નખત્રાણાના પાણી બાબતે વાતચીત કરી તો તેમણે કહ્યું કે, હાલે અમુક વિસ્તારમાંથી પાણીનો પોકાર ઉઠ્યો છે તે સાચી વાત છે. ઉનાળામાં પાણીની સમસ્યા ન સર્જાય તે માટે ભાજપ ટીમ સતત અધિકારી સાથે અને ભાજપના મોવડી સાથે ચર્ચા કરે છે. હાલે નગરમાં ૧૬ જેટલા બોર આવેલા છે તેમાં નવાવાસ પાણી સમિતિની અંદર સરકારી કચેરી અને ક્વાર્ટર તમામ વિભાગ સુરીભટ્ટ, નવાવાસ, કૈલાસનગર, પોલીસ લાઈન, કોર્ટ, મહાવીનગર, ઉમિયાનગર સહિતના વિશાળ વિસ્તારમાં પાણી સમિતિ હેડલિંગ કરે છે ત્યાં વધુ એક બોર માટે માંગ પણ કરી છે તો પાણીના તળ ઊંડા ઉતરતા ૯૦૦ ફૂટ પાણી આવે છે. પાણી પીવા લાયક છે પરંતુ ક્ષાર (કાયા)નું પ્રમાણ મોટા પ્રમાણમાં છે. નખત્રાણાને તાકીદે નર્મદાના નીર મળે તો સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેમ છે તો રામેશ્વર તળાવ તથા ધોળા તળાવમાં પાણી છે તેનો પશુઓ માટે આશીર્વાદ રૂપ છે. ખેતી માટે ખેડૂતો પોતાની વાડીમાં બોર કરે છે ત્યાં ઠીક-ઠીક પ્રમાણમાં પાણી હોય છે. અમુક બોર ફેલ ગયા છે. પાણીના પોકાર અને આગામી આયોજન શું છે તે જાણવા નગરપાલિકાના ચીફ ઓફિસર ભાવિન કંધાણીનો સંપર્ક કર્યો તો તેવોએ જણાવ્યું કે, ૧૬ બોર નખત્રાણામાં કાર્યરત છે તે વાટે પીવાનું પાણી અપાય છે. બે બોર નવા માટે મફતનગર તથા નવાવાસ માટે માંગ કરી છે તેને તાકીદે મંજૂરી મળતા ત્યાં નવા બોર બનશે. ઉનાળામાં પાણીના આયોજન માટે પાણી પુરવઠા બોર્ડ અને નર્મદાના પાણી માટે ટીર્ચસ કોલોની પાસેથી લાઈન જાય છે ત્યાંથી પાણીનો જોડાણ થશે અને વધારાનો પાણી ત્યાંથી ઉનાળા પુરતો મળશે તે માટે પણ નગરપાલિકાનું આયોજન છે. જો વધારાના પાણીની જરૂરત પડી તો ટુંકમાં હાલે નખત્રાણા વિસ્તારમાં પીવાના પાણી માટે ફુલ ગુલાબી ચિત્ર ઉપજી રહ્યો છે પણ ટુંકમાં નખત્રાણામાં ભર ઉનાળામાં પાણીની મોકાણ સર્જાય તેવો ચિત્ર ભાસી રહ્યો છે.




---

# એક કા ડબલ કૌભાંડ : ભુજના ચિટરોએ બનાસકાંઠામાં પોત પ્રકાશ્યું

**દાહોદમા નકલી નોટો આપી ૫૦ હજારની છેતરપિંડી કરનાર ભુજના ૨ સહિત ત્રિપુટી ઝડપાઈ : આરોપીઓ પાસેથી ૩.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત : ચિલ્ડ્રન બેંકની નકલી નોટો મળી આવી**





ભુજ : સસ્તા સોના અને નકલી નોટો પધરાવી છેતરપિંડી કરવાના માસ્ટર માઈન્ડ બની ચુકલા ભુજના શખ્સોએ હવે બનાસકાંઠામાં પોત પ્રકાશ્યું છે. દાહોદ એસઓજીએ નકલી નોટોના કૌભાંડમાં કચ્છના બે સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ એક વ્યક્તિ પાસેથી રૂપિયા એકના ડબલ કરવાની લાલચ આપીને ૫૦ હજારની છેતરપિંડી કરી હતી. ઘટના ૨૫ માર્ચના રોજ ઝાલોદના ટીમ્બી ત્રણ રસ્તા પર બની હતી. આરોપીઓએ નાની મહુડી ગામના પપ્પુભાઈ મુનિયા પાસેથી ૫૦ હજાર રૂપિયા લીધા હતા. બદલામાં તેમને ૫૦૦ રૂપિયાની નોટોના ૨ બંડલ આપ્યા હતા. આ બંડલમાં માત્ર ઉપર-નીચે અસલી નોટો હતી, જ્યારે વચ્ચે ચિલ્ડ્રન બેંકની નકલી નોટો મૂકી હતી.આ અંગેની વિગતો મુજબ દાહોદ જિલ્લા પોલીસ વડા ડૉ. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ એસઓજી પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસે ચાકલીયા રોડ પર બુરવાળા ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. ત્યાંથી ત્રણેય આરોપીઓને ફોર વ્હીલર સાથે ઝડપી પાડ્યા. પકડાયેલા આરોપીઓમાં ભુજના સીબાન દાઉદ સમા, બનાસકાંઠાના વિક્રમ નાનુજી વાઘેલા અને ભુજના સમીર અબ્દ્રેમાન થૈમનો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી ૫૦૦ રૂપિયાની ૧૦૦ અસલી નોટો, ચિલ્ડ્રન બેંકની ૪૦૦ નકલી નોટો, એક ફોર વ્હીલર ગાડી અને ૩ મોબાઈલ ફોન કબજે કર્યા છે. કુલ ૩.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે ગણતરીના કલાકોમાં આ કેસનો ભેદ ઉકેલી નાખ્યો છે. આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.

---

# કચ્છમાં કૃષિ યુનિવર્સિટીની કોલેજની આડેનું ક્યારે હટશે ગ્રહણ...?

**કચ્છના કિસાનોને કૃષિ નિષ્ણાતો, વૈજ્ઞાનિકોનો કાયમી લાભ મળે અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી જિલ્લાના ખેડૂતો વધુ પ્રગતિ સાધી શકે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૨૧માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છમાં કૃષિ યુનિવર્સિટીની કોલેજ શરૂ કરવાની કરી હતી ઘોષણા : ઘોષણાને લાંબો સમય વિતી જવા છતા તે દિશામાં કોઈ પ્રગતિ ન થતાં કચ્છવાસીઓમાં હતાશા**

## પ્રાકૃતિક ખેતી જ સાચું ભવિષ્ય : વેલજીભાઈ ભુડિયા

ભુજ : કચ્છ જિલ્લાને બાગાયતી ક્ષેત્રે દેશ-વિદેશમાં નામના અપાવનાર પ્રગતિશીલ ખેડૂત વેલજીભાઈ ભુડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં બાગાયતી ખેતી ક્ષેત્રે કચ્છ જિલ્લો રાજ્યમાં મોખરે થયો છે. જિલ્લાના ખેડૂતોને કૃષિ ક્ષેત્રના વૈજ્ઞાનિકો, તજજ્ઞોનો લાભ મળે તે ઈચ્છનીય છે સાથે જ હવે દુનિયા ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વળી રહી છે. પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી જ કૃષિનું સાચું ભવિષ્ય છે, તેથી હવે કચ્છમાં પ્રાકૃતિક ખેતી આધારીત એગ્રીકલ્ચર યુનિવર્સિટી - કોલેજની સ્થાપના થાય તે સમયોચિત ગણાશે. પ્રાકૃતિક ખેતીથી જમીનને થતું નુકસાન અટકાવી શકાશે સાથે જ રાસાયણિક ખાતરના ઉપયોગથી લોકોને થતા નુકસાન રોકી શકાશે.

ભુજ : કૃષિ અને બાગાયતી ક્ષેત્રે થયેલા વિકાસથી કચ્છ જિલ્લાના ધરતીપુત્રોના જીવન ધોરણમાં સુધાર થયો છે. સરહદી સૂકા મુલક ગણાતા કચ્છમાં પાણીના મર્યાદિત સ્રોત હોવા છતાં કચ્છના ધરતીપુત્રોએ પોતાની આગવી સૂઝબૂઝ અને પરંપરાગત ખેતી પદ્ધતિથી જિલ્લામાં હરિયાળી ક્રાંતિનું સર્જન કર્યું છે. કચ્છના કિસાનોને કૃષિ નિષ્ણાતો, વૈજ્ઞાનિકોનો કાયમી લાભ મળે અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી જિલ્લાના ખેડૂતો વધુ પ્રગતિ સાધી શકે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૨૧માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છમાં કૃષિ યુનિવર્સિટીની કોલેજ શરૂ કરવાની ઘોષણા કરી હતી. રાજયકક્ષાના કિસાન દિવસની ઉજવણી વખતે રાજયના

અનુસંધાન પાના નં.૫ પર


**તાત્કાલીક જોઈએ છે**

**સાઈટ સુપરવાઈઝર**



મીનીમમ ૧૦ વર્ષનો અનુભવ જરૂરી
BE/ડિપ્લોમા
સીવીલ એન્જીનીયરીંગ
સાઈટ સુપર વીઝનના અનુભવી.

સંપર્ક : +91 99987 65947



**હાર્દિક અભિનંદન**



**કુ. ઐશ્વર્યા હેમસિંહ ચૌધરી (એડવોકેટ)**
મદદનીશ સરકારી વકીલ ગુજરાત હાઈકોર્ટ

આપશ્રીની ગુજરાત હાઈકોર્ટના મદદનીશ સરકારી વકીલ તરીકે નિમણૂંક થતા અમો સૌ પરિવારજનો હર્ષ તથા ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તેમજ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવા આશીર્વાદ સહ શુભેચ્છા...

:: શુભેચ્છક ::
સુષ્મા હેમસિંહ ચૌધરી : માતા-પિતા
ધ્રુવ હેમસિંહ ચૌધરી : ભાઈ (એડવોકેટ)
પૃથા ડી. ભાવસાર : એડવોકેટ